Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

THE ATMANAND PRAKASH REGISTERED No. B. 431

श्रीमद्विजयानन्दसूरिसद्गुरुभ्यो नमः

श्री

# आत्मानन्द प्रकाश.

सेव्यः सदा सद्गुरु कल्पवृक्षः

सम्यक्त्वं सत् प्रदत्ते प्रकटयति गुरौ वीतरागे च भक्तिं
माधुर्यं नीतिवल्ल्या मधुरफलगतं राति संसारमार्गे ।
भव्यानारोहयत्यात्महितकरगुणस्थानपाटीं प्रकृष्टां
आत्मानन्दप्रकाशः सुरतरुरिव यत्सर्वकामान् प्रसूते ॥१॥

पुस्तक १३. } वीर संवत् २४४१ भाद्रपद आत्म सं. २०. { अंक २ जो.

प्रकाशक—श्री जैन आत्मानन्द सभा. भावनगर.

વિષયાનુક્રમણિકા.


| નંબર. | વિષય. | પૃષ્ટ. | નંબર. | વિષય. | પૃષ્ટ |
|---|---|---|---|---|---|
| ૧ | વાર્ષિક ક્ષમાપના તથા પ્રભુ સ્તુતિ... ... | ... ૨૫ | ૭ | ઉન્નતિ થવા લાયક બનો... | ... ૩૯ |
| ૨ | શ્રાવક ધર્મોચિત આચારોપદેશ... | ૨૬ | ૮ | સુકૃત રત્નાવલી... ... | ... ૪૨ |
| ૩ | શ્રી પાર્શ્વપ્રભુ સ્તવના... | ... ૩૧ | ૯ | સુકૃત વચનો સાંભળી આદરવા યોગ્ય વિવેક... ... ... | ... ૪૪ |
| ૪ | જૈનોન્નતિ ... ... ... | ... ૩૨ | ૧૦ | જીવ દયા... ... ... | ... ૪૫ |
| ૫ | દોરંગી દુનિયા... ... | ... ૩૭ | ૧૧ | શ્રીઆગમોદય સમિતિ—પાટણ | ૪૬ |
| ૬ | મુસાફરીમાં જૈનોનું મરણ પ્રમાણ... | ૩૮ | ૧૨ | ગ્રંથાવલોકન... ... ... | ... ૪૭ |


વાર્ષિક—મૂલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ આના ૪.

શ્રી આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલુભાઈએ છાપ્યું—ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રીમદ્ હંસવિજયજી મહારાજ વિરચિત

## " हंसविनोद "

( આવૃતિ ૫ મી )

સદરહુ ગ્રંથની સુધારા વધારા સાથે પાંચમી આવૃતિ શ્રી નિર્ણયસાગર પ્રેસમાં બહુજ સુંદર ટાઈપથી છપાય છે. બાઈડીંગ પણ તેવુંજ સુંદર થશે. ઘણીજ ટુંક મુદતમાં બહાર પડવાની છે. સદરહુ ગ્રંથમાં ધર્મ-નીતિ અને ભકિતભાવને પ્રદિપ્ત કરનારા સારગ્રાહી સમદર્શી સર્વ જનોને વાંચવા યોગ્ય સ્તવનો, સજ્ઝાયો અને બોધદાયક પદો આવેલા છે. જેમાં પ્રથમની આવૃત્તિઓ કરતાં ત્રીશથી ચાલીશનો વધારો કરવામાં આવેલો છે. ભાષા ઘણીજ સરલ, સાદી અને અલંકાર યુકત વાપરવામાં આવેલ છે; સાથે રાગો પણ રસિક મુકવામાં આવેલા છે. પ્રમાણમાં કિંમત ઘણીજ ઓછી, એટલે માત્ર ૦-૧૨-૦ રાખવામાં આવેલ છે પુસ્તકનો નફો નીચે જણાવેલ લાયબ્રેરી-પુસ્તકાલય ખાતામાં જવાનો છે. દરેક જૈન બંધુઓએ ગ્રાહક થઈ સહાય આપવાની જરૂર છે. લખો નીચેના શરનામે—

લુણસાવાડે } શા. જેસંગભાઇ છોટાલાલ સુતરીયા
મોટીપોળ } શા. મોહનલાલ છોટાલાલ પાલખીવાલા

સેક્રેટરીઓ

શ્રીમદ્ હંસવિજયજી જૈન લાયબ્રેરી—અમદાવાદ

## " શ્રીપર્યુષણાષ્ટાન્હિક વ્યાખ્યાન."

(ભાષાંતર)

ઉકત ભાષાંતરનો ગ્રંથ સુંદર શાસ્ત્રી ટાઇપથી, ઉંચા કાગળો ઉપર છપાવી અમારા તરફથી હાલમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે. માત્રભાષાના અભ્યાસી મુનિમહારાજાઓ, સાધવીમહારાજ વગેરેને ભેટ આપવાનો છે, જેથી ભેટ મંગાવનાર માહાત્માઓએ શ્રાવકનું નામ નીચેના શીરનામે લખી મોકલવાથી પોસ્ટેજ પુરતા પૈસાનું વી-પી-કરી ભેટ મોકલી આપવામાં આવશે.

અન્યને માટે રૂા-૦-૪-૦ કિંમત લેવામાં આવશે. પોસ્ટેજ જુદું.

## " श्रीपाळ चरित्र मूळ "

ઉપરનો ગ્રંથમૂળ પણ હાલમાં અમારા તરફથી પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. સંસ્કૃતના અભ્યાસી-ખપી મુનિમહારાજ તથા સાધવીમહારાજ તથા લેખીત જ્ઞાન ભંડારોને ભેટ આપવાનો છે ભેટ મંગાવનાર મહાત્માએ પોતાના ગુરૂ કે સમુદાયના વડીલ મુનિરાજ મારફત શ્રાવકનું નામ નીચેના શરનામે લખવાથી મળી શકશે
અન્યને રૂ. ૦-૩-૦ ત્રણ આના ( પોસ્ટેજ જુદું ) ની કિંમતથી વેચાણ આપવામાં આવશે.

આત્માનંદ ભવન. } શ્રી જૈન આત્મવીર સભા
ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

इह हि रागद्वेषमोहाद्यभिभूतेन संसारिजन्तुना
शारीरमानसानेकातिकटुकदुःखोपनिपात-
पीड़ितेन तदपनयनाय हेयोपादेय-
पदार्थ परिज्ञाने यत्नोविधेयः॥

पुस्तक १३ ] वीर संवत् २४४१, भाद्रपद. आत्म संवत् २०. [ अंक २ जो.

श्री वीरायनमः

## वार्षिक–क्षमा याचना.

( ગઝલ )

કર્યાં અપરાધ મન વચ કાય—થી ભ્રાતુ તમારા જે;
ક્ષમા યાચુ ત્રિયોગે હું, ગૃહિ જિન શૈલીને આજે. ૧
પુનઃ અપરાધ ના થાવા, હૃદયથી ભાવના રાખી;
તમો પણ તે હિ વૃત્તિને, ધરો જન મિત્રતા દાખી ૨

વીર સંવત–૨૪૪૧
આત્મ સં. ૨૦
ભાદ્રપદ શુકલ ચતુર્થિ
} શ્રી જૈન આત્માનંદ સભા

## प्रभुस्तुति.

( શાર્દૂલવિક્રીડિત )

જેનું સ્થાન સદા અનંત વિલસે જ્ઞાન પ્રયોગે કરી,
જે વેરે સુખ સૌમ્ય શાંતિ કિરણો અધ્યાત્મ ભાવો ભરી;
જેના દર્શન માત્રથી સુખ લહે પ્રાણી ગણો વિશ્વમાં,
શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ નમીએ સંવત્સરી પર્વમાં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## શ્રી શ્રાવક ધર્મોચિત.

# * શ્રી આચારોપદેશ.

( પ્રથમો વર્ગ: )

### મંગલાચરણ.

૧–૨ કેવળ જ્ઞાન અને આનંદ સ્વરૂપ, રૂપ રહિત, જગત્ત્રાતા, અને પરમ જ્યોતિવંત શ્રી પરમાત્માને નમસ્કાર ! યોગી પુરૂષો મનની શુદ્ધિને ધારણ કરતા ધ્યાન ચક્ષુવડે જેનું સ્વરૂપ જોવે છે, તે પ્રભુને હું સ્તવું છું.

### ગ્રંથ ગ્રંથન હેતુ.

૩–૫ સહુ કોઇ જીવ સુખને ઇચ્છે છે, શુદ્ધ–નિર્દોષ સુખ મોક્ષમાં રહ્યું છે. મોક્ષ સુખ ધ્યાનથી મળે છે, ધ્યાન મનની શુદ્ધિથી થાય છે, અને મનની શુદ્ધિ કષાયને જીતવાથી થાય છે. કષાયનો જય ઇન્દ્રિયોને દમવાથી થાય છે. અને ઇન્દ્રિયોનું દમન સદાચારથી થાય છે, અને એવો ગુણકારી સદાચાર રૂડા ઉપદેશ થકી પ્રાણીયોને પ્રાપ્ત થઈ શકે છે.

રૂડા ઉપદેશથી સુબુદ્ધિ થાય છે. અને સુબુદ્ધિથી સદ્ગુણોનો ઉદય થાય છે. એવા શુભાશયથી આ આચારોપદેશ નામના ગ્રંથનો હું પ્રારંભ કરૂં છું.

### ગ્રંથ શ્રવણ ફળ–ધર્મ પ્રાપ્તિ

૬-૯ સદાચાર સંબંધી વિચારવડે મનોહર અને ચતુરને ઉચિત એવો આ દેવતાને પણ આનંદકારી ગ્રંથ શુભાશયવાળા સજ્જનોએ શ્રવણ કરવો યુક્ત છે. અનંતકાળે પણ પામવો દુર્લભ એવો આ મનુષ્યજન્મ પામીને વિવેકવંત જનોએ ધર્મને વિષે પરમ આદર કરવો જોઇએ. ધર્મ શ્રવણ કર્યો છતો, દેખ્યો છતો, કરાવ્યો છતો અને અનુમોદ્યો છતો પણ પ્રાણીઓને સાતમા કુળ પર્યંત પવિત્ર કરે છે.

ધર્મ, અર્થ અને કામરૂપ ત્રણ વર્ગને સમ્યક્ પ્રકારે સેવ્યા વગર મનુષ્યનું આયુષ્ પશુની જેવું નકામું સમજવું. તે ત્રણ વર્ગમાં પણ ધર્મ ઉત્તમ છે. કેમકે તે ધર્મ સેવન કર્યા વગર બીજા બે અર્થ અને કામ સધાતાં નથી.

### સત્સામગ્રી અને તેની સફળતા કરવા શાસ્ત્ર પ્રેરણા.

૧૦–૧૩ મનુષ્યપણું, આર્યદેશ, ઉત્તમ જાતિ-કુળ, અખંડ ઇન્દ્રિય કુશળતા, શરીર આરોગ્ય, અને દીર્ઘ આયુષ કથંચિત્ કર્મની લઘુતાથી મળે છે. એ બધાય પુન્ય યોગે પ્રાપ્ત થયે છતે શ્રદ્ધા આવવી દુર્લભ છે; તેથી પણ દુર્લભ સદ્ગુરૂનો સંયોગ મ્હોટા ભાગ્યયોગે મળે છે. આ સઘળી સામગ્રી સ્વાધીન જ હોય પણ તે જેમ ન્યાય વડે રાજા, સુગંધ વડે ફુલ અને ઘી વડે ભોજન શોભે છે, તેમ

* શ્રી ચારિત્ર સુંદર ગણિ વિરચિત આચારોપદેશ ગ્રંથનું આ શુદ્ધ સરલ ભાષાંતર છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સદાચાર વડે શોભા પામે છે-સફળ થઇ શકે છે. સદાચાર સેવવામાં તત્પર મનુષ્યે શાસ્ત્રોક્ત વિધિ વડે ધર્મ, અર્થ અને કામ રૂપ ત્રણ વર્ગને પરસ્પર વિરોધ રહિત ( અવિરૂદ્ધ પણે ) સદાય સાધવા જોઇએ.

## શ્રાવક યોગ્ય શાસ્ત્રોકત અવિરૂદ્ધ આચાર વિચાર.

## નમસ્કાર મંત્રની સ્તુતિ.

૧૪ રાત્રીના ચોથા પહોરમાં બ્રાહ્મ મુહૂર્ત વખતે કાળજી રાખી, સુજ્ઞ પુરૂષ પંચ પરમેષ્ટિ મંત્રની સ્તુતિ કરતો છતો નિદ્રાનો ત્યાગ કરે. ૧૫ સદાય શય્યામાંથી ઉઠયા ( જાગ્યા ) બાદ ડાબી કે જમણી જે નાડી વહેતી હોય તેજ ડાબો કે જમણો પગ ભૂમિ ઉપર ( ધીમેથી ) રાખવો. ૧૬ શયન સંબંધી વસ્ત્રો મુકી બીજાં ( સ્વચ્છ ) વસ્ત્રો ધારણ કરી રૂડા સ્થાનકે રહીને બુદ્ધિવાને ધીરજથી પંચપરમેષ્ઠી નમસ્કાર મંત્રનું ધ્યાન કરવું. ૧૭ પવિત્ર થઇ પૂર્વ દિશા કે ઉત્તર દિશા સન્મુખ પવિત્ર સ્થાને રહ્યો સ્થિર મનથી નમસ્કાર મંત્રનો જાપ કરવો. ૧૮ સ્નાન કર્યું હોય કે ન કર્યું હોય, સુખી હોય કે દુઃખી હોય તે નમસ્કાર મંત્રનું એકાગ્રમને ધ્યાન કરતો છતો સર્વ પાપથી મુક્ત થાય છે. અર્થાત ધર્મના અર્થી જનોએ સર્વ દેશ કાળમાં શ્રી પંચ પરમેષ્ઠી નમસ્કાર મંત્રનું ચિંતવન કરવું જોઇએ. ૧૯ આંગળીને અંગે જે જાપ કરાય, મેરૂનું ઉલ્લંઘન કરીને જે જાપ કરાય અને ઉપયોગ રહિત સંખ્યાહીન જે જાપ કરાય, તે પ્રાયઃ અલ્પ ફળ આપનાર થાય છે. ૨૦ ઉત્કૃષ્ટ, મધ્યમ અને જઘન્ય એમ ત્રણ પ્રકારે જાપ થાય છે. તેમાં જે હૃદયકમળમાં વિધિવત્ નવપદજીનો જાય કરાય તે ઉત્કૃષ્ટ અને જપમાળાવડે કરાય તે મધ્યમ જાપ સમજવો ૨૧ મૌન રાખ્યા વગર, સંખ્યાનું લક્ષ રાખ્યા વગર અને ચિત્તની એકાગ્રતા વગર તેમજ પદ્માસનાદિક આસન લગાવ્યા વગર અને ધ્યેય-પરમાત્માદિકમાં વૃત્તિને જોડયા વગરનો જાપ જઘન્ય છે.

## આવશ્યક-કરણી.

૨૨ ત્યારપછી ( પ્રભાત સારી રીતે થયે છતે ) ઉપાશ્રયે કે પોતાની પોષધશાળામાં સ્વપાપની વિશુદ્ધિ કરવા માટે બુદ્ધિવંતે આવશ્યક કરણી કરવી.

૨૩ રાત્રી સંબંધી, દિવસ સંબંધી, પાખી, ચઉમાસી અને સંવત્સર સંબંધી પાપ દોષને દૂર કરવા અને આત્માને નિર્મળ કરવા જિનોએ પાંચ પ્રકારનાં આવશ્યક કહ્યાં છે, તે પ્રત્યેકમાં સામાયક પ્રમુખ છ આવશ્યકનો સમાવેશ થાય છે. કરેલાં પાપને ફરી નહિ કરવાની બુદ્ધિથી પશ્ચાત્તાપ સહિત શ્રી સદ્ગુરૂ સમીપેઆલોચાય-નિંદાય તે પ્રતિક્રમણ આવશ્યક આત્માને ઉપકારક થઈ શકે છે. જાણતાં કે અજાણતાં લાગેલાં પાપની શુદ્ધિ સરલપણે શીઘ્ર કરવી જોઇએ.

૨૪ આવશ્યક કરણી કરીને પૂર્વ કુળ મર્યાદા સંભારી અત્યંત આનંદિત ચિત્તથી મંગળ સ્તુતિ કહેવી ( આવશ્યક કરણી પહેલાં અને પછી એ રીતિ છે. )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## મંગલ સ્તુતિ અષ્ટક.

૨૫ મહાવીર ભગવાન્, ગૌતમ ગણધર, સ્થૂલભદ્રાદિ મુનિવરા અને જિનેશ્વરાએ કથેલા ધર્મ એ સઘળા મુઝને મંગળરૂપ થાઓ !

૨૬ ઋષભાદિક જિનેશ્વરા, ભરતાદિક ચક્રવર્તીઓ, બળદેવા, વાસુદેવા અને પ્રતિવાસુદેવા એ સઘળા મ્હારૂં શ્રેય-કલ્યાણ કરા !

૨૭ નાભિ અને સિદ્ધાર્થભૂપ પ્રમુખ સઘળા જિનેશ્વરાના પિતાઓ, જેમણે અખંડ સામ્રાજ્ય ભોગવેલ છે, તેઓ મુઝને જય આપા.

૨૮ જગત્રયને આનંદ કરનારી મરૂદેવી અને ત્રિશલા પ્રમુખ જિનેશ્વરાની પ્રસિદ્ધ માતાઓ મુઝને મંગળ કરા.

૨૯ શ્રી પુંડરીક અને ઇન્દ્રભૂતિ પ્રમુખ સઘળા ગણધરા અને બીજા શ્રુત કેવળીઓ ( ચાૈદ પૂર્વધરા ) પણ મુઝને મંગળમાળા આપા.

૩૦ અખંડ શીલની શોભાથી ભરેલી બ્રાહ્મી અને ચંદનબાળા પ્રમુખ મહા સતી-સાધ્વી મુઝને મંગળ બક્ષા

૩૧ સમકિતીનાં વિઘ્ન હરનારી ચક્રેશ્વરી અને સિદ્ધાયિકા પ્રમુખ ઋષભાદિ તીર્થંકરાના શાસનની અધિષ્ઠાત્રી દેવીઓ મુઝને જયલક્ષ્મી આપા.

૩૨ જૈનોના વિઘ્નોને હરનારા કપર્દી અને માતંગ પ્રમુખ પ્રસિદ્ધ પરાક્રમવાળા અધિષ્ઠાયક યક્ષા મુઝને સદા મંગળ આપા.

૩૩ સુકૃતવડે ભાવિત ચિત્તવૃત્તિવાળા, અને સાૈભાગ્ય ભાગ્યવડે ભરેલા એવા જે શુભ મતિવંત પુરૂષ આ મંગલાષ્ટકને પ્રભાત સમયે ભણે છે, તે સર્વ વિઘ્નોને હણીને જગતમાં મનમાન્યા મંગળને મેળવે છે.

૩૪ ત્યારપછી નિસ્સિહી કહીને જિન મંદિરે જાવું અને સઘળી આશાતના તજીને જિનેશ્વર ભગવાનને ત્રણવાર પ્રદક્ષિણા દેવી.

૩૫ ભોગવિલાસ, હાસ્યચેષ્ટા, નાસિકાદિકના મળ કાઢવા નિદ્રા, કલેશ અને દુષ્ટ એવી વિકથા કરવી તથા ચાર પ્રકારના અશનાદિક આહાર કરવા એટલાં બધાંય વાનાં આશાતનારૂપ સમજી જિન ભુવનમાં અવશ્ય તજવાં. આ ઉપરાંત બીજી પણ નાની મ્હોટી અનેક આશાતનાઓ દેવવંદન ભાષ્યાદિકમાં જણાવેલી સુજ્ઞોએ તજવી.

૩૬ હે જગન્નાથ ! આપને નમસ્કાર ( નમો જિણાણં ) ઇત્યાદિ સ્તુતિપદને કહેતાં, ફળ અક્ષત, પ્રમુખ પ્રભુની આગળ ઢોકવું-મૂકવું.

૩૭ ખાલી હાથે રાજા, દેવ અને ગુરૂ તથા વિશેષે નિમિત્તિયાની પાસે દર્શનાર્થે જવું નહિ. કંઈક પણ સરસ ફળ પ્રમુખ રાખીને જ જાવું. કેમકે ફળ વડે જ ફળની પ્રાપ્તિ કરી શકાય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૩૮ પ્રભુની જમણી અને ડાબી બાજુએ અનુક્રમે રહી પુરૂષ અને સ્ત્રીજનો ઉત્કૃષ્ટ ૬૦ હાથનો અને જઘન્ય ૯ હાથનો અવગ્રહ ( અંતર ) શકય હોય તો રાખીને શ્રી જિનેશ્વર પ્રભુને વંદન કરવું. ઘરદેરાસરમાં પણ બની શકે એટલો અવગ્રહ જરૂર સાચવવો. (ગુરૂ મહારાજનો પણ યોગ્ય અવગ્રહ સાચવવા ખાસ ફરમાન છે.)

૩૯ પછી ઉત્તરાસંગ કરી, ફરી યોગમુદ્રાએ સ્થિત થઇ મધુરી વાણીવડે ભાવિક આત્મા પ્રભુ સમીપે પોતાની દૃષ્ટિ સ્થાપીને ચૈત્યવંદન× કરે.

૪૦ પેટ ઉપર હાથની બે કોણીઓ રાખી, કમળના કોશની જેવી બે હાથની આકૃતિ કરી, અન્યોઅન્ય (માંહે માંહે) આંગળીઓ આંતરવાથી યોગમુદ્રા થાય છે.

૪૧ ત્યારપછી સ્વસ્થાનકે જઈ પ્રભાત સંબંધી ક્રિયા કરે, અને ભોજન આચ્છાદન પ્રમુખ ઘરચિંતા કરે.

૪૨ સ્વબંધુઓને અને નોકર ચાકરોને સ્વ સ્વ કાર્ય કરવા જણાવીને પછી પોતે બુદ્ધિના આઠ ગુણોવડે યુક્ત છતો શ્રી ગુરૂ પાસે ઉપાશ્રયે આવે.

૪૩ શાસ્ત્ર શ્રવણ કરવાની ઇચ્છા, ૨ શાસ્ત્ર શ્રવણ, ૩ ગ્રહણ, ૪ ધારણા, ૫ ઊહ, ૬ અપોહ, ૭ અર્થવિજ્ઞાન અને ૮ તત્ત્વજ્ઞાન એ બુદ્ધિના આઠ ગુણો છે.

૪૪ શાસ્ત્ર શ્રવણ કરે તે ધર્મના મર્મને જાણે, દુર્મતિને તજે, જ્ઞાનને પામે ( અજ્ઞાનને વામે ) અને વિષય કષાયાદિ પ્રમાદ તજીને વૈરાગ્ય પામે.

૪૫ પંચાંગ પ્રણામવડે ગુરૂમહારાજને તથા બીજા સાધુજનોને વાંદી–પ્રણમી ગુરૂમહારાજની આશાતનાને તજતા છતાં વિધિ મર્યાદા સાચવી ગુરૂ સન્મુખ બેસવું.

૪૬ મસ્તક બે હાથ, અને બે ઢીંચણવડે ભૂમિતળને વિધિ સહિત ઠીક પૂજી પ્રમાજીને સ્પર્શવાથી પંચાંગ પ્રણામ કર્યો કહેવાય છે.

૪૭ પલાંઠી ન વાળવી પગ ન પ્રસારવા પગ ઉપર પગ ન ચઢાવવો અને કાખ ન બતાવવી.

૪૮ ગુરૂમહારાજની પુંઠે કે તદ્દન નજદીક કે બંને પડખે બેસવું કે ઉભા રહેવું કે ચાલવું નહિ. તેમજ પોતાથી પહેલાં આવેલાની સાથે વાતચીત કરવી નહિ. ટુંકાણમાં ગુરૂનો અવિનય થાય તેવું કશું કરવું નહિ.

૪૯ ઉત્સર્ગ, અપવાદ, નિશ્ચય વ્યવહારાદિક શાસ્ત્રના ભાવ અને ભેદ ( અપેક્ષિત વચનો ) ને સમજી શકે એવા વિચક્ષણ પુરૂષે ગુરૂના મુખ સામે દૃષ્ટિ સ્થાપી રાખી એકાગ્ર ચિત્તથી ધર્મશાસ્ત્રો શ્રવણ કરવાં.

૫૦ વ્યાખ્યાન વખત થયે છતે રૂડી બુદ્ધિવાળાએ સ્વસંદેહો ટાળવા અને દેવગુરૂના ગુણગાન કરનાર ભોજકાદિકને યથાશકિત દાન દેવું.

× વિશેષ અધિકાર દેવવંદન ભાષ્યથી જાણવા યોગ્ય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૫૧ જેણે પ્રતિક્રમણ કર્યું ન હોય તે ( પણ ) વ્રત-નિયમ કરવા રૂચિવંત છતો ગુરૂમહારાજને વંદન કરે ( વાંદણાં આપે ) અને યથાશક્તિ વ્રત નિયમ આદરવા સંબંધી ગુરૂમહારાજ સમક્ષ પ્રતિજ્ઞા કરી પછી તેનું પાલન કરે.

૫૨ ઉદાર દીલથી દાન આપનાર-દાતા છતાં પણ વ્રત નિયમ વગરના મનુષ્યો તિર્યંચની યોનિઓમાં ઉત્પન્ન થાય છે અને હાથી ઘોડાદિકના ભવમાં **બંધનાદિક સહિત** ભોગ ભોગવતા રહે છે.

૫૩ દાતા-દાનેશ્વરી નરક ગતિમાં જતો નથી, વ્રત નિયમ પાળનાર-વિરતિવંત તિર્યંચપણું પામતો નથી. દયાળુ અલ્પ આયુષી થતો નથી અને સત્યવકતા-સદાય સાચું હિતપ્રિય બોલનાર-દુઃસ્વર થતો નથી, પણ સુસ્વર થાય છે.

## તપ-પ્રભાવ.

૫૪ તપ, સર્વ ઇન્દ્રિયોરૂપી હરણયાંને વશ કરવા મજબૂત જાળ તુલ્ય છે. કષાયરૂપ તાપને શાંત કરવા દ્રાક્ષ તુલ્ય છે અને કર્મરૂપ અજીર્ણને ટાળવા હરીતકી હરડે તુલ્ય છે. આત્માનું શ્રેય કરનાર તપ છે.

૫૫ જે કંઇ દૂર અને સાધી ન શકાય અને દેવતાને પણ દુર્લભ હોય તે સઘળું તપવડે સાધી શકાય છે. તપનો પ્રભાવ અચિંત્ય છે. સપ્ત તાપવડે જેમ સુવર્ણની શુદ્ધિ થાય છે, તેમ બાહ્ય અભ્યંતર બંને પ્રકારના તીવ્ર તપવડે કર્મમળનો ક્ષય થતાં આત્મા શુદ્ધ-નિર્મળ થાય છે. એમ સમજીને જ તીર્થંકર જેવા જ્ઞાની પુરૂષો પણ ઉકત ઉભય તપનું આસેવન કરે છે. મોક્ષાર્થી મુમુક્ષુ જનોએ તો શીઘ્ર મોક્ષપદની પ્રાપ્તિ માટે ઉકત તપનું સેવન અવશ્ય કરવું ઘટે છે. એવી શ્રદ્ધા રાખી યથાશકિત તપ, જપ, વ્રત, નિયમ સદાય આદરવા.

૫૬ ઉપરોકત ધર્મવિધિ આદરીને પછી સુબુદ્ધિ પુરૂષ ચૌટામાં જાય અને દ્રવ્ય ઉપાર્જન થાય, એવો યથોચિત વ્યવસાય કરે. શાસ્ત્ર શ્રવણ કરનાર સુબુદ્ધિવંત ન્યાયોપાર્જિત દ્રવ્યને જ પસંદ કરે પણ પરિણામે દુઃખદાયી એવા અન્યાય દ્રવ્યની ઇચ્છા ન જ કરે.

૫૭ સજ્જન-મિત્રોના ઉપકાર માટે અને સ્વજન બંધુઓના ઉદય માટે ઉત્તમ પુરૂષો અર્થ ઉપાર્જન કરે છે. અન્યથા સ્વઉદર પોષણ તો કોણ કરતું નથી ? જે પરોપકારના માર્ગે ખર્ચાય તેજ ખરૂં છે.

૫૮ વ્યાપાર યોગે ચલાવાતી આજીવિકા ઉત્તમ, ખેડ કરી આજીવિકા ચલાવાય તે મધ્યમ, પારકી સેવા ચાકરીવડે આજીવિકા ચલાવવી તે જઘન્ય અને ભિક્ષા ( ભિખ ) માંગી આજીવિકા કરવી તે અધમાધમ જાણવી.

૫૯ આવા હેતુથી કદાપિ નીચ વ્યાપાર કરવો નહિ, તેમજ કરાવવો નહિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કેમકે પુન્યથી પ્રાપ્ત થનારી લક્ષ્મી પાપથી કોઇ દિવસ વધતી નથી. પણ ઉલટું પાપ કરનારને પાછળથી બહુ કષ્ટ સહવું પડે છે.

૬૦ પાપભીરૂ અને વિચક્ષણ હોય તે બહુ આરંભ–સમારંભવાળાં, ભારે પાપવાળાં, લોકાપવાદવાળાં અને ઉભય લોક વિરૂદ્ધ હોય એવાં કામ ( અંગાર કર્માદિક ૧૫ ) આચરે નહિ.

૬૧ ગમે તેટલા પુષ્કળ દ્રવ્યની પ્રાપ્તિ થતી હોય, તોપણ લોહાર, ચમાર, મોચી કલાર, અને ઘાંચી તથા વાઘરી વિગેરે સાથે વ્યવસાય કરવો નહિ. નીચ દ્રવ્યથી જયવારો ન જ થાય.

૬૨ એવી રીતે પ્રથમ પહોર સંબંધી સમગ્ર વિધિને સેવતો વિશુદ્ધ હૃદય-વાળો. ન્યાય–નીતિથી શોભતો, અને વિજ્ઞાન ( Discriminative Power ) માનપ્રતિષ્ઠા ( Self-respect; Prestige ) તથા જનપ્રિયતા ( Popularity ) મેળવવા સદા સાવધાન એવો શ્રાવક પોતાનાં ઉભય જન્મને સફળ કરે. ॥ *

ઇતિશમ્.

॥ ॐ ॥

## ॥ श्री पार्श्वनाथ प्रभु स्तवना ॥

( દેશી--કડખાની )

જેહના શાસને પાર્શ્વ નામે થયો, યક્ષ ઉપસર્ગ હરનાર જાનું;
વિષ વિષધર તણું નષ્ટ જે નામથી, કર્મ ઘનથી સદા મુક્ત માનું જેહના.
વળીય કલ્યાન મંગલ તણું ગેહ છે, જેહ અદ્વૈત આ જગત માંહિ;
તેહ પ્રભુ પાર્શ્વ ભાવે ભવિ ધ્યાવતા, થાય તદ્રુપ ભવ ભ્રમણ નાંહિ. જેહના. ભવ
ધારે ભવિ કંઠ આભરણ સમ જેહ છે, “ વિષહર ફૂલિંગ ” એ મંત્ર ભારી;
ઉપશમે તસ્ય ગ્રહ રોગ મારી સહુ, જાપ જપતા જરા દૂષ્ટ દારી. જેહના.
મંત્ર તો દૂર રહો પણ તુઝ નમનથી, થાય સહુ ફલિત ઇચ્છા અમારી;
અમર નર તિરિય સહુ પ્રાણી પામે નહિં, દૂષ્ટ દારિદ્રતા દુઃખદ ભારી. જેહના.
જેહ ચિન્તામણી કલ્પ પાદપ થકી, અધિક સમ્યક્ત્વ તુજ લબ્ધ થાવે;
તેહથી પ્રાણી નિર્વિઘ્ન લોકાંતમાં, શુદ્ધ અજરામર સ્થાન પાવે. ....જેહના.
ભક્તિના ભર થકી હૃદય મહારૂં સ્તવે, હે ! મહાશય ! વિભો પાર્શ્વ આજે;
તેહથી દેવ દેજો ભવો ભવ વિષે, બોધિ—સમ્યકત્વ વિશુદ્ધ કાજે....જેહના

( જિજ્ઞાસુ ઉમેદવાર. )

* આચારોપદેશ ગ્રંથ મૂળ અમારા તરફથી છપાયેલ છે. કિંમત ૦-૩-૦ શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જૈનોન્નતિ.

( સાંધન પુસ્તક ૧૨ માના પૃ. ૩૧૩ )

જૈનોન્નતિનો મૂળ પાયો, જૈનોમાં કેળવણીનો વધારો કરવો એજ છે. વ્યવ્હારિક અને ધાર્મિક કેળવણીને માટે કૉન્ફરન્સની સ્થાપના પછી પુષ્કળ ચર્ચા ચાલે છે. પણ તેને માટે જેટલા પ્રમાણમાં અને જેવી રીતે હિલચાલ થવી જોઇએ, તે રીતે થતી જોવામાં આવતી નથી. કારણકે તેને માટે દ્રવ્યનો સવાલ આવે છે, એટલે વાત અટકી પડે છે. જૈન પ્રજામાં ધર્મના નિમિત્તે દરશાલ જે પ્રમાણમાં દ્રવ્ય ખર્ચાય છે, તે પ્રમાણમાં કેળવણીને માટે ખર્ચાતું નથી, એ એક જૈનોમાં દિર્ઘદ્રષ્ટિની ન્યૂનતા બતાવે છે હિંદ શિવાયના બીજા દેશોમાં જુઓ, અને તપાસ કરો, તો માલમ પડશે કે, તેઓ બધી બાબતો કરતાં કેળવણીની બાબતમાં વધુ ખર્ચ કરે છે. એકલો ખર્ચ કરીને તેઓ બેસી રહેતા નથી પણ જેઓએ કેળવણીના ફળ ચાખ્યા છે, તેઓમાંનો ઘણો ભાગ તેમાં ઉત્સાહથી ભાગ લે છે જૈન પ્રજામાં વખતે દ્રવ્ય ખર્ચનાર મળી આવે છે, તો સ્વાર્થ ત્યાગથી કામ કરનાર ઉત્સાહી વ્યકિતઓની ખામી માલમ પડી આવે છે. વખતે કામ કરનાર નીકળી આવે છે, પણ જેઓએ ઉંચ કેળવણી મેળવી છે, અને જેઓ વર્તમાનમાં આપણે કઇ દિશાએ આગળ વધવું જોઇએ, તેનો ઉહાપોહ કરી શકે તેવાઓ મળવા મુશ્કેલ થઇ પડે છે.

હિંદમાં ઉંચી કેળવણી મેળવનાર બીજી પ્રજાઓની સાથે મુકાબલો કરીશુ તો આપણને જણાઇ આવશે કે, આપણે ઘણા પછાત છીએ. મહારાષ્ટ્રીય પ્રજા તરફ જુઓ. તેઓ પોતાનામાં કેળવણીનો વધારો કરવાને કેટલો પ્રયાસ કરે છે. માહારાષ્ટ્ર ધનવાનો, સરદારો, દરકદારો, અને હોદ્દેદારો, પોતાથી થાય તેટલી મદદ પોતાના સ્વજાતિ બંધુને કેળવણીને માટે આપે છે. તેમનામાં સ્વાર્થ-ત્યાગના ગુણે એટલો બધો વાસ કરેલો છે કે, તેમને મુકાબલે આપણે નીચું જોવું પડે છે.

પૂનાની દખણ કોલેજ જે હાલમાં ફરગ્યુસન કોલેજના નામથી ઓળખાય છે, તેના નિર્યામક પ્રૉફેસરો, જેઓ સરકારી નોકરી પણ કરે તો, મોટા પગારની નોકરી મેળવી શકે, તેઓ તેનો ત્યાગ કરી ઉદર નિર્વાહ અને કુટુંબ નિર્વાહ જેટલી માસિક રકમ લેઇ પોતાના જાતિ બંધુઓને કેળવવા અને તેમને આગળ વધારવા એ કોલેજમાં જોડાય છે. સાબાશ છે એવા દેશાભિમાની વીર પુરૂષોને, આપણામાં અત્યારસુધીમાં એવા કેટલા નિકળ્યા ? જ્યાંસુધી આપણામાં આ ગુણ વૃદ્ધિ પામશે નહિ, ત્યાંસુધી શું આપણે આળ વધી શકવાના છીએ ? શું એકલા દ્રવ્યથી જ ઉન્નતિ થઇ શકે છે ? સેંકડે પાંચ યા દશ ટકા દ્રવ્યવાન નીકળે એટલે જૈન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રજા ઉન્નતિના શિખરપર પહોંચી ગઇ ? દ્રવ્ય એકલું જ સુખશાંતિનું સાધન છે ? ભગવંત મહાવીરના શાસનમાં એકલા દ્રવ્યની કિંમત ગણવામાં આવતી જ નથી. તેમ જો હોત તો શાસ્ત્રમાં ફક્ત દ્રવ્યવાનોની જ કથાઓ ગુંથાતે અને વંચાતે. કથાનુયોગનો અભ્યાસ કરવાથી આપણને જણાઇ આવે છે કે, ગુણો શિવાય એકલા દ્રવ્યની કિંમત શાસ્ત્રકારોએ કરી નથી. પૂણ્યવાન પુણીયા શ્રાવકનું નામ કયા જૈન બંધુના કાન ઉપર આવ્યું નથી. જેની પાસે કંઇ પણ પુંજી ન હતી. એ શ્રાવક ભગવંત મહાવીરના વખતમાં અને શ્રેણીક રાજાના રાજ્યમાં થયા છે. ધણી અને ધણીયાણી બે જણા હતા. ન્યાયવૃતિથી દરરોજ સાડાબાર દોકડા ( બે આના ) કમાતા હતા, અને તેમાં ગુજરાન ચલાવતા. દરરોજ શુદ્ધ સામાયિક અને દેવગુરૂની ભકિત કરતા હતા, અને જે દિવસે સ્વામીભાઈ કોઇ આવે તે દિવસે અવરનવર ઉપવાસ કરી તેનું આદરાતિથ્ય કરતા હતા. એક વખત શ્રેષ્ઠિવર્ય સામાયિક કરવા બેઠા, અને સામાયિક લીધું. દરરોજના પ્રમાણે તે દિવસે શુદ્ધ સામાયિક ન થતાં ધર્મ ધ્યાનમાં કંઇ મલીનતા જણાઇ, તે ઉપરથી પોતાના શરીરમાં કંઇ અન્યાયના પુદગ્લોએ પ્રવેશ કર્યો છે, કે કેમ તે માટે **આત્મનિરીક્ષણ** કરતાં પોતાની કંઇ ભૂલ માલમ પડી આવી નહિ, પોતાની સ્ત્રીને પૂછયું કે, આજની આહારની શુદ્ધિમાં મને કંઈ ખામી માલમ પડે છે, કેમકે જો તેમ ન હોય તો સામાયિકમાં ચીત્તની વ્યગ્રતા માલમ પડી તે પડત નહીં, માટે કારણનો શોધ કરવો જોઇએ. સાધવી સ્ત્રીએ પોતાની દિનચર્યાનું અવલોકન કર્યું, તો તેને જણાઇ આવ્યું કે, ચુલો સળગાવવાને સારૂ પાડોશીને ઘેર દેવતા લેવા ગઇ હતી, ને તે દેવતા પાડોશીની સ્ત્રીએ આપ્યો, પણ તે થોડો હતો તેથી દેવતા વખતે ઘેર લઇ જતા સુધીમાં ઓલવાય જાય નહી, તે માટે તેના ઘરના નજીકમાં છાણાંનો ભૂકો પડેલો હતો, તે તે ઘરની માલીક બાઇની પરવાનગી સિવાય લઇને દેવતા ઉપર મુકયો હતો, અને તે દેવતા વડે તે દિવસની રસોઇની ક્રિયા કરી હતી. આટલું અદત્ત તેણે લીધું હતું, તેજ કારણ વિક્ષેપનું હોવું જોઇએ. એમ જાણી પોતાના પતિ પાસે અપરાધની ક્ષમા માગી. શ્રેષ્ઠિવર્યે જણાવ્યું કે, જે ઘરના માલિકનો એ ભુકો વગર પરવાનગીથી લીધો હતો, તે ઘરના માલિક શેઠ અને શેઠાણીની પાસે જઇ, પોતાના અપરાધને ખમાવી આવો. સાધવી સ્ત્રીએ તે વાત અંગીકાર કરી, અને તે પ્રમાણે કર્યું. અને ફરીથી આવી નજીવી પણ ભૂલ ન થાય તેને માટે યોગ્ય કાળજી રાખી, આત્મસાધન કરી, જીવન સાફલ્ય કર્યું.

આ પુણીયા શ્રાવક પાસે ધન નહતું તો પણ ભગવંત મહાવીરે તેના સામાયિકની પ્રસંશા કરી હતી. અને પ્રસંગવશાત શ્રેણીકરાજાની રાજ્ય રિદ્ધી સિદ્ધિ પણ તેના એક સામાયિકના તુલ્ય નથી એમ તેની ખાત્રી કરી આપી હતી. જો એકલા ધન અને ધનિકોની કિંમત જ અંકાતી હોત તો આ નિર્ધન શ્રાવકને બદલે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેજ રાજાના રાજ્ય અમલમાં થએલા મમ્મણ શેઠની જ પ્રશંશા કરતે, કેમકે તેની પાસે ઘણું ધન અને રત્નની રાશી હતી. શાળીભદ્રશેઠના જેટલી રિદ્ધિ કોઇની પાસે નથી, અને હોવાનો સંભવ નથી, છતાં તેમણે પોતાની યથાર્થ ઊન્નતિ તેમાં જોઇ નહતી. જો એકલા ધન સંચયમાંજ સર્વથા ઉન્નતિનો સમાવેશ કરવામાં આવતો હોય તોપછી ધનવાન પુત્રોને જ્ઞાન મેળવવા માટે પ્રયત્ન કરવાની જરૂર રહે જ નહીં. એ ઉપરથી એમ સાબીત થાય છે કે, એકલો ધન સંચય એ કેવળ ઊન્નતિ નથી, પણ તેના સાથે યા તે વિના એકલા ગુણ સંચય એજ ઊન્નતિ છે. આત્મિક નિર્મલતા એ ગુણોનું ઘર છે, તેનાથી ગુણો છેટા રહી શકતા નથી. વર્તમાનમાં જુઓ તો એજ માલમ પડશે. એજ ફરગ્યુશન કોલેજના પ્રોફેસર મી. આગરકર જેઓ એમ, એ, હતા. સંસાર સુધારાના આગેવાન હતા. અને સરકારી નોકરી જો પત કરી હોત તો ચઢતાં ચઢતાં માસિક હઝાર રૂપીઆના પગારની જગ્યા મેળવવાને શક્તિવાન થયા હોત. તેમણે છેવટસુધી ઉદર પોષણ માટે જુજ રકમ લેઇ એ એ સંસ્થામાં જીવન પૂર્ણ કર્યું. લૉર્ડ સેન્ડર્સ મુંબઇના ગવર્નરની સરકારે તેના અવસાન વખતે દીલાસાને માટે તેના કુટુંબ ઉપર દીલાસાપત્ર મોકલ્યો હતો, તેમાં તેના સ્વાર્થત્યાગની પ્રસંશા કરી હતી. હિંદના પહેલા રેંગલેર મી. પરાંજપે પેહલે નંબરે પાસ થયા તે વખતે લૉર્ડ કરજને તેના માત પિતાને આવા સુપુત્રને માટે મુબારકબાદી આપી હતી. મી. પરાંજપેએ જો નોકરી પત કરી હોત તો તે આજે સારો મુશારો મેળવતા હોત. પણ પોતાના દેશની અને જાતિ બાંધવોની ખાતર એજ કોલેજમાં કુટુંબ નિર્વાહ પુરતો પગાર લેઇ નોકરી કરી પોતે મેળવેલા જ્ઞાનનો લાભ પોતાના જાતિ બંધુને આપે છે. ઑનરેબલ મી. ગોખલેની આખા હિંદમાં જે કિંમત અંકાઇ છે, તે તેના સ્વાર્થત્યાગના ગુણને જ આભારી છે. આવો સ્વાર્થત્યાગનો ગુણ આપણામાં છે, એવો દાવો કરવાને આપણે હિંમત કરી શકીએ તેમ છે? જ્યાંસુધી આપણામાં આ ગુણ સંપૂર્ણપણે ઉત્પન્ન નહી થાય ત્યાંસુધી કદીપણ આપણી ઊન્નતિ થવાની નથી. મુનિમાહારાજે પ્રસંગાવશાત્ ધનવાનો પાસે ધન ખર્ચાવવાને સમર્થ થઇ શકે, પણ કાર્ય કરનારાઓ જો મળી ન આવે તો એકલા ધન ખર્ચનાર ઉભા થવાથી શો લાભ થવાનો હતો.

આપણી ઊન્નતિના પાયારૂપ બીજા એ ગુણની જરૂર છે કે, જેમ બને તેમ સમાજને જેમ જાથુક ફાયદો થાય તેવી રીતે દ્રવ્ય ખર્ચાવવું જોઇએ. આપણામાં દર વરસે હઝારો રૂપીઆ ધર્મનિમિત્તે ખર્ચાય છે, પણ જ્ઞાનના વધારા માટે અને સ્વામીભાઇઓની ઊન્નતિ માટે જે પ્રમાણમાં ખર્ચાવું જોઇએ, તે પ્રમાણમાં ખર્ચાતું નથી. ભૂલ ખર્ચ કરનારની નથી, પણ ખર્ચ કરનારનામાં વિષયની પસંદગી કરવાને જે જ્ઞાન જોઇએ, તે જ્ઞાનની ગેરહાઝરીની છે. જમાનો ઓળખવો જોઇએ. બીજી પ્રજાઓ નદીના પ્રવાહની પેઠે જ્ઞાનમાં આગળ વધતી જાય છે, ત્યારે જૈનપ્રજા તળાવના પા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ણીની પેઠે સ્થિર થઈને જોયાં કરે છે, એમ કહીએ તો તે ખોટું છે એમ નથી. ગત પચાશ વર્ષનું અવલોકન કરો અને આપણી જોડે વસનારી બીજી ભાઈબંધ પ્રજાની સાથે મુકાબલો કરો એટલે ખાત્રી થશે કે આપણે જ્ઞાન અને ગુણમાં આગળ વધેલા છીએ, કે પાછળ હઠેલા છીએ. આપણામાં અહંમમત્વનો દુર્ગણ એટલો બધો વધી ગયો છે કે જેને પ્રતાપે આજે જૈન ધર્મ અને જૈનધર્મીઓ બીજાઓની નિંદા સાંભળવાને પાત્ર બનેલા છે. જેઓને ધાર્મિક કંઈ જ્ઞાન નથી તેમની વાત તો બાજુ ઉપર રહી પણ જેઓ અધ્યાત્મ જ્ઞાનીના બિરૂદનો દાવો કરનારા છે, જાહેર ભાષણોથી બીજાઓને આગળ વધારવાને પ્રયત્ન કરીએ છીએ એમ જણાવનારાઓ છે, સમાજમાં અગ્રસ્થાન મેળવવાને હકદાર છીએ, એમ જેઓની માન્યતા છે, તેઓ પણ દુર્ગણના સપાટાઓથી બચેલા છે, એવો દાવો કરી શકે તેમ નથી. જો તેમનામાં અહંમમત્વનો દુર્ગુણનો પ્રાદુર્ભાવ ન હોત તો આજે દશ વરસમાં જૈનોમાં જે છિન્નભિન્ન સ્થિતિ જોવામાં આવે છે, તે આવવા પામત નહીં. જેનામાં પૂજાવાની અને આવાની ભાવનાઓ પ્રબળ પણે વસ્તિ હોય તેવી વ્યક્તિઓ જૈનસમાજના ઉપર શી રીતે ઉપકાર કરી શકનાર છે? જો આ દુર્ગણ આપણામાં વાસ કરેલો ન હોયતો પછી કોનફરન્સની શરૂઆતનો ઉત્સાહ અને હાલની ચાલતી તેની ટગુ ટગુ સ્થીતિનું અવલોકન કરીશું એટલે તુર્ત ખાત્રી થશે. હાથના કંકણુ જોવાને આરશીની શી જરૂર? આ દુર્ગણને દુર કરીને તે જમાનાને અનુસરી સમાજ ઉન્નતિ સ્થિતીએ પોંહાંચે, તેમને જાથુનો ફાયદો થાય, તેવી રીતે ધાર્મિક નિમિત્તે ખર્ચાતુ દ્રવ્ય ખર્ચાય એવો પ્રવાહ વધવો જોઈએ. એવા વિચારની સર્વત્ર ઉદ્દઘોષણુ થવી જોઈએ. જૈનોની ઉન્નતિ એજ જૈનધર્મની ઉન્નતિ છે, અને જૈનોન્નતિ કેવળ ધન પ્રવૃત્તિમાં નથી, પણ તેની સાથે જ્ઞાન અને ગુણ પ્રાપ્તિમાં રહેલી છે. જો જ્ઞાન, ગુણ, અને કળામાં જૈન પ્રજા આગળ વધશે, તો દ્રવ્ય તેનો કેડો મેલનાર નથી. જો જ્ઞાન, ગુણ, અને કલામાં પાછા પડીશું અને એકલા દ્રવ્યને પકડી રાખવા જઈશું તો પણ દ્રવ્ય રહેવાનું નથી, એવી ભાવનાનો સર્વત્ર ફેલાવો થવો જોઈએ. આની સાબીતી માટે કથાનુયોગનો અભ્યાસ કરો એટલે ખાત્રી થશે. પુર્વે થએલા મહા રિદ્ધીવાલાઓ એ ગુણોના આશ્રયથી દ્વિપાંતરમાં જઈ લક્ષ્મી અને સુ કન્યાઓ પ્રાપ્ત કરી સ્વદેશ પધારતા હતા. વર્તમાનમાં ધર્માદા ધન કયે રસ્તે ખર્ચાવું જોઈએ, તેને માટે પારસીબંધુઓના ધર્માદા ખાતાઓનો અનુભવ લો એટલે આંખો ઉઘડશે. કોમી ઉન્નતિને માટે એમણે કેવાં કેવાં ખાતાઓ ઉભાં કર્યા છે. તે જુઓ.

ભાવી પ્રજાની ઉન્નતિને માટે જો કંઈપણ આપણે કરવાનું હોય, તો તે એજ કરવાનું છે કે તેઓ વ્યવહારિક, અને ધાર્મિક જ્ઞાન, ગુણ, અને કળામાં આગળ વધે. એને માટે તન, મન, અને ધનથી જેટલી થાય તેટલી મહેનત કરવાની દરેક જૈનની ફરજ છે. એજ ખરો સ્વામીવાત્સલ છે. ફક્ત એક ટંક જમાડી આપણે કૃત્યકૃત્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થયા અને જીવન સાર્થક કર્યું એવી ભાવનામાં સુધારો કરી આપણા સ્વામી બંધુઓને જોઈતો ફાયદો થાય, એવી યોજનાઓ કરી તેમાં આપણી એક પૈ પણ ખર્ચાય તો કમાણી સાર્થક છે, એ ભાવ ઉત્પન્ન થવો જોઇએ. જો આપણે જ્ઞાન, ગુણ અને કળામાં આગળ વધીશું, તો બધા સુધારાઓ આપોઆપ આવી ઉભા રહેશે. કોન્ફરન્સ અને બીજાઓ સુધારા કરવાને અને હાનીકારક રીવાજો દુર કરવાને જે સમર્થન કરી રહ્યા છે, તે કરવાની તેમને જરૂર રહેશે નહીં. આંતરચક્ષુથી તેઓ પોતાની ભુલો જોઇ શકશે. અને સુધરશે. તેથી આપણે સર્વે જુદી જુદી દિશાએ ધન શક્તિનો વ્યય કરવાને બદલે એકજ દિશાએ તે તમામ બળનો ઉપયોગ કરીશું તો સો વર્ષે જે વાત બનવાની નથી તે વાત પચીશ વર્ષમાં બનશે. જૈન શાસ્ત્રકારોનો એક મહાન ઉપદેશ છે કે "કોઇ કામ શક્તિ ઉપરાંત કરવું નહી, અને છતી શકિત ગોપવવી નહી." જો દરેક વ્યકિત પોતાની યથાશકિતનો આને માટે પ્રયત્ન કરે તો શું અસાધ્ય છે ? દરેકે પોતે જાતે એ ગુણો મેળવવા જોઇએ, અને બીજાઓને તે ગુણો પ્રાપ્ત થાય તેને માટે યથાશક્તિ મહેનત કરવી જોઇએ, આટલો જ ગુણ જો જૈન પ્રજામાં વાસો કરી રહે તો જુઓ કે જૈન પ્રજા પવનના વેગની માફક કેટલી આગળ વધે છે.

સાત ક્ષેત્રમાંથી શ્રાવક અને શ્રાવિકા ક્ષેત્રની ઉન્નતિ થાય એટલે બાકીના પાંચ ક્ષેત્રની પ્રગતિ સ્વભાવથી જ થશે, તેને માટે પછી બહુ મહેનત કરવાની જરૂર રહેશે નહી.

જ્ઞાન મેળવનારાઓની શી ફરજો છે, તેને માટે વડોદરા નરેશ શ્રીમંત સયાજીરાવ ગાયકવાડ માહારાજે ચાલુ વર્ષની દક્ષિણની મુસાફરીમાં બેંગ્લોરમાં તા ૨૪ જુલાઈ ૧૯૧૫ શનિવારના રોજ નવીન સ્થાપન કરવામાં આવેલી "માઇસોર સંસ્કૃત એકેડેમી" નામની સંસ્થા ખુલ્લી મુકતાં તે વખતના ભવ્ય મેળાવડામાં એક છટાદાર ભાષણ આપ્યું હતું. તેમાં તેમણે વિદ્યાર્થિઓને જે બોધ આપેલો છે, તે મનન કરવા લાયક છે. તેઓશ્રીએ જણાવ્યું છે કે,

"આ સંસ્થાના અભ્યાસથી તમારે ગર્વિષ્ટ અને આડંબરી નહી થતાં, પરમ સત્યનો આશ્રય પ્રાપ્ત કરવા ઉમંગથી પ્રયત્ન કરવો જોઇએ. જો એક દેશે ખરેખર આગળ વધી પોતાની કીર્તિમાં વધારો કરવો હોયતો, તેણે પોતાનો ભૂતકાળ જાણવો જોઇએ, વર્તમાનનો અભ્યાસ કરવો જોઇએ, અને ભવિષ્યનો વિચાર કરવો જોઇએ. તેઓએ પોતાના પ્રાચિન ઇતિહાસનો અભ્યાસ સંકુચિત દૃષ્ટિથી નહી પણ ઉદાર વૃત્તિથી કરવો જોઇએ, તેમાં જે દોષ યા ખામી હોય તે કબુલ કરી, તે દૂર કરવા પ્રયત્ન કરવો જોઇએ. લોકોનો જે સમુદાય અજ્ઞાન છે, તેમને કેળવણીનો લાભ આપવાની ફરજ ફક્ત રાજા મહારાજાઓની નહી; પરંતુ દરેક ધનાઢય ગૃહસ્થની પણ છે. જો દેશની મોટામાં મોટી કંઇ સેવા થઇ શકે તો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે કેળવણીની વૃદ્ધિ કરવાની છે. સારાનો સ્વીકાર કરી અનિષ્ટનો ત્યાગ કરવો તે શકિત કુદરતે આપણને આપી છે, પણ આપણે એ શક્તિની બાહારની વસ્તુઓના સંબંધમાં વિચાર કર્યા કરવો અને તે દિશામાં પ્રવૃત્તિ કરવી તેમાંથી મનોવ્યય નહી કરવો જોઇએ. છેવટે હું તમોને ભલામણ કરૂં છું કે તમારી કોલેજના ભાષણોને છપાવી દેશના દરેક ભાગમાં ગરીબ ઝુંપડાઓથી માંડી મેહલોસુધી દરેક સ્થળે તેનો ફેલાવો કરશો. કારણકે પ્રજાના સમુદાયને જ્યારે જ્ઞાન મળશે, ત્યારે જ તેમનો કાયમનો સંગીન ઉત્કર્ષ થશે."

શ્રીમંતના આ ઉપદેશથી આપણી ઉન્નતિ અને પ્રગતિ કેઇ દિશાએ કરવી એ રસ્તો આપણને મળી આવે છે. બંધુઓ? પ્રમાદનો ત્યાગ કરો, જાગ્રત થાઓ, જ્ઞાન મેળવો, ગુણવાન અને કલાવાન થવાને પ્રયત્ન કરો, એટલે ઉન્નતિના શિખરે પહોંચવાને આપણે શક્તિવાન થઇશું.

**વકીલ નંદલાલ લલ્લુભાઇ. ( વડોદરા )**

## " દોરંગી દુનિયા."

### ( રાગ-હોરિ. )

દિસે સબ દુનિયા માંહે, દોદિનકા મિજબાન;
ચારગતિમાં લાખ ચોરાશી, યોની દુઃખની ખાણ,
નાટક પાત્ર રૂપે જગ જંતુ, કરતા કરમે પ્રયાણ;
ટકે નહિં નિશ્ચળ સ્થાન.......................................દિસે૦ ૧

ચક્રી હરિ સંહારી રણમાં, લાખો જીવના પ્રાણ;
તાબે થયેલ તજી કર્યું આખર, પૃથ્વી પાખી પ્રયાણ,
રહિ નહિં કાયમ આણ.......................................દિસે૦ ૨

કોટ્યાધીશ કહેવાઇ જગતમાં, મેળવતાં બહુ માન,
ભોગભલા વિધ વિધ ભોગવતા, ખાન પાન ગુલતાન;
સુતા સબ છોડી સ્મશાન.......................................દિસે૦ ૩

કોણ સબંધી કયા કયા ભવના, ઉનકા નાહિં નિદાન,
આંખ મીંચાતા સુધી આ ભવના, સંબંધ તણું રહે ભાન;
ગણો સબ આત્મ સમાન.......................................દિસે૦ ૪

રાયરંક શુરવીર કાયર કે ઇ, નિર્ગુણી ગુણવાન,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રૂપ કદ્રુપ પામે કેઇ જગમાં, માન અને અપમાન;
અહો તસ ભેદનું ભાન..........................................હિસે૦ ૫

પુદ્ગલ પીંજર માંહે રહિને, ચેતન બંધીવાન,
કાળ અનાદિ અભ્યાસે ભૂલેલો, નિજ દશાનું ભાન;
ધરત મિથ્યા અભિમાન..........................................હિસે૦ ૬

દોરંગી દુનિયા મતલબકી, બાજી સ્વપ્ન સમાન,
એકાકિ આને જાનેકા, જન્મ મરણુ હોય સ્થાન;
અહો શુદ્ધ તત્ત્વનું જ્ઞાન..........................................હિસે૦ ૭

રાગ દ્વેષ બંધન સંસારે, અહંમમ્ મુર્છા માન,
"દુર્લભ" નરભવ પામો ચલાવો, સમઝાવે સુયાન;
મળે તવ અક્ષય સ્થાન..........................................હિસે૦ ૮

લેખક,

દુર્લભજી વિ૦ ગુલાબચંદ મહેતા.

વળા.

## મુંબઇમાં જૈનોનું મરણ પ્રમાણુ.

મુંબઇ મ્યુનીસીપાલીટીના તન્દુરસ્તી ખાતાના અમલદારના વાર્ષિક રીપોર્ટ ઉપરથી જણાય છે કે જૈનોમાં મરણ પ્રમાણુ ઘણુંજ ભયંકર છે. જ્યારે ૧૯૧૩ માં દર હજારે બાળકોનું મરણ પ્રમાણુ ૭૬૨-૫ હતું ત્યારે ૧૯૧૪ માં વધીને ૮૨૩-૬ થયું છે. જૈનોની ૨૦૪૬૦ માણસોની કુલ વસ્તીમાં જુદા જુદા કારણોને લઈને કુલ મરણુ ૧૧૧૪ થયાં હતાં કે જેનું હજારે પ્રમાણુ ૫૬-૩૩ આવે છે જે ૧૯૧૩ માં સહેજ વધારે એટલે ૬૫-૯૩ હતું. પણુ બીજી બધી કોમની સાથે સરખાવતાં અને આખા મુંબઇશહેરના મરણુ પ્રમાણુ સાથે સરખાવતાં ઉપલું મરણુ પ્રમાણુ ઘણુંજ વધારે છે. આપણા જૈનોમાં આવું ભયંકર મરણુ પ્રમાણુ શાથી આવે છે તેને માટે એક ચોક્કસ કારણુ આપી શકાય નહિં, પરંતુ જુદી જુદી જાતનાં મરણુ પ્રમાણો જોતાં પ્લેગની ૧૭૮, ક્ષયથી ૩૨ અને દમના રોગોથી ૩૯૭ મરણુ નીપજ્યાં હતાં. એટલે કુલ મરણોમાં ૫૦ ટકા જેટલું મરણુ પ્રમાણુ ફક્ત આ ત્રણુ રોગોનું છે. જે ઘણુંજ ચોંકાવનારૂં છે.

૧૯૧૧ નું વસ્તીપત્રક જોતાં જણાય છે કે મુંબઇમાં વસ્તા જૈનોમાં ૫૯ ટકા જેટલા જૈનો એક ઓરડીવાળી ચાલીમાં રહે છે. ગરીબ અને સામાન્ય વર્ગને સસ્તી અને હવા અજવાળાવાળી સગવડ ન મળવાથી આવું ભયંકર મરણુ પ્રમાણુ આવે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે, એ વાત નિઃસંશય છે. એટલું ખુશી થવા જેવું છે કે જૈનશ્વેતામ્બર કોન્ફરન્સે આવા જબરા મરણ પ્રમાણ કારણો શોધવાને અને તે કઈ રીતે ઘટી શકે તેના ઉપાયો યોજવાને એક કમીટી નીમી છે અને "જૈન એસોસીએશન ઓફ ઇંડીઆ" એ જૈન વસ્તીના ગરીબ અને સામાન્ય વર્ગના માણસોની જરૂરી બાતને પૂરી પડે તેવી ચાલો બંધાવવાને તેના સત્તાવાર આંકડા મેળવવા એક કમીટી નીમી છે. થોડા જ વખત પહેલાં એક પારસી બાનુએ પોતાની કોમ માટે સસ્તા ભાડાની ચાલીઓ બંધાવવામાં રૂા. ૩૦૦૦૦૦) આપ્યા છે. આવી જ રીતે આપણો કોઇ શ્રીમંત જૈન બહાર આવી પોતાની ઉદારતા દાખવશે, તો મુંબઇ જેવા શહેરમાં વસ્તા આપણા જૈન બંધુઓને જરૂરી બાત પૂરી પડશે અને મહાન ઉપકાર થયેલો ગણાશે.

મુંબઇ ૮-૯-૧૫ } નરોત્તમદાસ બી. શાહ.

## "એક પળનો આધાર ન રાખવો અને મર્ણ એ વાત સાચી છે તેમ ધારી ઉન્નતિમાતાના મંદિરમાં પેસવા માટે લાયક બનવાની ખાસ જરૂર."

### હરિગીત.

હે માનવી ? આ જહાનનું, આદર્શ હૃદયે ચાંપજે;
ચાલુ જમાનાને નમી, સૌરભ જીવન પમરાવજે.
જીવન સરોવરમાં અનેરા, પંથ વિકટ આવશે;
પણ સત્ય નીતિ સાજથી, તું વિકટ માર્ગો કાપજે.
ઝરણા તણા વારિ વહિને સમુદ્ર સરખા થઇ જશે;
ઝરણા સમુદ્રે પહોંચતાં રજકણ અનેરી લઇ જશે.
વારિ તણો પરપોટ પળમાં પલક દઇ ફુટી જશે;
તેમ જીવન કેરી દોરીની દશા તેવી થશે.
દીન ને શ્રીમંત સર્વે એક છે તે માર્ગમાં;
કંટક અને "ગુલાબ" બન્ને એક છે જન વૃક્ષમાં.

બસ ગયો ! એ વખત તો ગયો !! દોસ્ત બહુ મઝા કરી હવે....એ વખત શું નહિં આવે ? ના ના નહિંજ આવે. આવા શબ્દો ઘણી વખત સાચા અથવા ભણકારા રૂપે માનવ મુખમાંથી જળહળે છે. તેવીજ રીતે એક પળ ગઇ, કલાક ગઇ અને દિવસોના દિવસો પણ વ્યતિત થઇ ગયા, કઇંક નામીચા નરરત્નો દેહાંતર ગમન કરી ગયા અને કઇંક નરરત્નો સ્વસુકાર્યોથી પોતાનું નામ આખી આલમ ઉપર બીછાવતા ગયા. સર્વે ગયું **નામ તેનો નાશ.** આહાહા વાચક–મારા પ્યારા વાચક !

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મોટા અક્ષરથી નીચેની કહેવતો જરા પોતાના મકાનમાં અને હૃદયમાં કોતરીને ચોડવા, અને અમલમાં મુકી ભાગ્યશાળી થવાનો દાવો કરવા કમ્મર કસ્સી સજ્જ થા ??? Knowledge is power "જ્ઞાન એ ઉત્કૃષ્ટ સત્તા છે." भक्तिः ज्ञानाय कल्पते Devotion leads to knowledge "ભકિત જ્ઞાનમાર્ગને ખુલ્લો કરે છે." અથવા ભકિત જ્ઞાનના માર્ગે દોરે છે. Be and not seem—કીધા કરતાં કરી બતાવવું બહેતર છે. બકો નહિ, દેખાવ કરો નહિ પરંતુ આવો મેદાનમાં અને કરી બતાવો. કહેના સહેલ હય મગર કરના મુશ્કીલ હય. માટે કરો ને કાંઇક કરી બતાવો. કારણ કે:—

## "मर्ण ए वात साची छे."

—નિર્ણીત શું છે?

### ગઝલ—કવ્વાલી.

રખેને સુખમાં રાચી, અને અભિમાનમાં નાચી;
કોતરણી ચિત્તમાં કરવી, મર્ણ એ વાત સાચી છે. ૧

બીન વાચાળ ને વાચાળ, માં છે પ્રાણુ તો સરખો;
બંધારણ કુદ્રતે કીધું, મર્ણ એ વાત સાચી છે. ૨

કિશોરા કુમળી જાશે, યુવા ઉતાવળી થાશે;
વૃદ્ધા વહાલી થઇ રહેશે, મર્ણ એ વાત સાચી છે. ૩

થશે પુદ્દગલ તણી માટી, સમાશે ભૂમિ ઉદરમાં;
અમર સુકાર્ય રહેવાના, મર્ણ એ વાત સાચી છે. ૪

## આપણે કેવા થવાની જરૂર છે? લાયક થવાની.

બંધુઓ?

મર્ણ કોઇને પણ ત્યજવાનું નથી, અને તે પક્ષપાત પણ કરવાનું નથી, અને જરૂર અભેદમાર્ગના પથિક બનવાનું છે. દુનિયા ફાની છે. વિગેરે જાણવામાં છે, છતાં ઈર્ષ્યા, અસૂયા, અહંભાવ, ખુમારી અને આપવડાઇને જાણે બોલાવતા હોઇની!! તેવું વર્ત્તન રાખવા જાણે પ્રયાસ કરતા હોઇની!! પરંતુ તેવા છુપા દુશ્મનો જ્યારે ખરેખરો હલ્લો કરી છાપો મારશે ત્યારે તે સહન કરવું મુશ્કીલ થઇ પડશે. આવી જાતના અનેક નજીવા યા મહાન્ વિશેષણોને અથવા નામોને, દાખલા તરીકે "અદેખો માણસ" "ઇર્ષિત મનુષ્ય" "તેનામાં અહંભાવ છે" વિગેરે છુપી વાતમાં અથવા જાહેર વાતમાં આપણા વાતાવરણમાં વસતા ભાઇઓ જ્યારે સ્વનામ સાથે યુક્ત કરે ત્યારે કેટલું બધું ખેદકારક ?? અને વાતો કરે મોટી મોટી ઉન્નતિની, પરંતુ બરોબર વિમર્ષ કરે ત્યારે જણાય કે કાચબે કુવામાં ઘણી ડુબકીયો મારી પ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રંતુ પાણીમાં ને પાણીમાં. દિનપ્રતિદિન અધઃપતન અવનતિના મૂળનું પોષણ કરવામાં કઇ જાતની ખુશાલી ઉત્પન્ન થતી હશે ? થાવા દોને થાય છે દસકો સારો ને દસકો ખરાબ. આવી રીતે એકલવિહારી શું કરી શકે ! કંઇ નહિ, ત્યારે તેને અવનતિનો આશ્રય લેવાનું સૂઝે તેમાં શી નવાઇ ??

બીજી બાજુથી એવા ભણકારા થાય કે “ ઉન્નતિ થાય તો સારૂ, પ્રયાસ કરીએ છીએ, સ્ત્રીઓ સુધરે તો ઠીક, વૃદ્ધ પુરૂષો રહમજી કંઇક નૂતન ઉન્નતિના શિખર ઉપર ચ્હડવા માટે પ્રયાસ કરીએ છીએ તેમાં થોડો ઘણો હિસ્સો આખરે પોતાનો આપે તો ઠીક ” બધુંય સાચું પરંતુ વિચાર કરો ઉન્નતિ માતા પાસે જ છે. અને તે માતાના ખરેખરા એકજ બુલંદના અને નામીચા પુત્રો હો તો પોતે પોતાના વાત્સલ્ય પ્રેમરૂપી સ્તનમાંથી, ઉન્નતિ માર્ગદર્શક ( નિકટ વિકટ માર્ગ ) ક્ષીર તમારા ( આપણા) મુખમાં સરર કરતું એકદમ છુટશે. અને ચર્મચક્ષુમાં ભૈન્ય માલુમ પડશે. અને વૃદ્ધોની કે કોઇની ઓશીયાળ નહીં ભોગવવી પડે. પરંતુ ખાટલે મોટી ખોટ છે કે પ્રથમ પાયો જ નથી આપણામાં તત્ત્વ કયાં છે, માણુસાઇ કયાં છે, બહાર મોટા સાવજ જેવા અને ગૃહમાં મીંયાંની મીંદડી જેવા, ત્યારે પ્રથમ ખોટ ત્યાંજ છે. તેનાથી શું થઇ શકે !!! અલબત અમારે અમારી લેખિનીને એટલું તો સ્વાતંત્ર્ય બીન હકે આપવું પડશે કે દરેક માણસે સ્વ તેમજ પર–બીજાની ઉન્નતિ અર્થે અહોનિશ મચ્યા રહેવાનું છે. અને આપણે ધારીશું તે કરીશું તે નક્કી છે તેવું ઉત્તમ મનોબળ રાખી ઉન્નતિના પ્રયાસાર્થે જેટલું બને તેટલું કરવાનું છે. પણ એક પુરાણી વ્યાખ્યા ભુલવી જોઇતી નથી. First deserve and then desire. લાયક થાવ અને પછી ઇચ્છાવાન થાવ પછી ઉન્નતિ માતાના દ્વારમાં પેસવું દુર્ઘટ નથી, પરંતુ તે માતાના ચાહક અને ગ્રાહકની ખામી છે. હરકોઇ ઉચ્ચ વસ્તુને હસ્તગત કરવી હોય ત્યારે તે સ્થિતિએ પહોંચવાની જરૂર પડે છે. સિવાય કઠણુતા માલુમ પડે છે. માટે જેની ઇચ્છા રાખવી તેવા થવા પ્રયત્નો કરવા. માલુમ પડે છે કે લાયક થવાની દરેક વ્યક્તિને જરૂર છે, જો લાયકાત હશે તો દરેક જણ ગર્ભશ્રીમંતો અને વડીલો જી–જી અને સલામો કરતાં ખુશામતમાં ખામોશાઇ આપશે. અને જ્ઞાની પુરૂષો જેઓ છે તેઓને માટે તો આ અવનિના શુભ માર્ગો ખુલ્લા જ છે. અને તેઓને રાજપંડીતોની સભામાં અને દરેક જગ્યોએ જ્ઞાનરૂપી હથીઆરથી શુભાશ્રય મળે છે જ. માટે ફરી ફરીને લખીએ છીએ કે જ્ઞાની થાવ ? લાયક થાવ ? સાહિત્યના ચાહક થાવ અને ધર્માભિમાની થઇ બીન કેળવાએલ મનુષ્યોને કેળવવા ભગીરથ યત્નો આજ ને આજ આદરો. આપણે કેવા બીજ વાવવાની જરૂર છે ?

રખેને મોટા હોદ્દા પ્રાપ્ત થાય, જેથી લાયકાતના ગુણુના ભંડાર છે તેવું અમારી કલમ લખી શકે નહિં. માટે લાયક થાવ અને **नभीतः मरणात् अस्मि** I am not afraid of divine Invitation ( Death ) મને મૃત્યુનો ભય નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કારણ કે " મર્ણ એ વાત સાચી છે " તે તો છેજ. ત્યારે નકામું શામાટે તેને યાદ કરવું જોઇએ. માટે લાયક થઇ ઉન્નતિના શીખરે પહોંચવા અને મર્ણ વાસ્તે કુદરતી મરણ માટે નાની મોટી તૈયારી કરવા અત્યારથી જાગ્યા ત્યાંથી સ્હવાર ગણી યથાશક્તિ યત્નો આદરો. કિશોરાવસ્થામાં જેવા બીજ વાવીશું અને યુવાનીમાં જેવું વારિ સિંચન કરીશું તેવા આમ્ર (વૃક્ષમાંથી) વૃદ્ધાવસ્થામાં ચાખીશું માટે કેવા બીજ રોપવા જોઇએ કે જેથી જીવન વ્યાધિ રહિત ભય રહિત નિષ્કામ, ધાર્મિક પસાર થાય તેનો વિચાર કરવાને માટે આપનેજ માથે બોજો નાખી અત્યારે તો આપની રજા લઇશ. આમીન—

જીવનના પ્રવાહમાં કુરતું પ્રભાત. } રા. ગુલાબ.
તા. ૨૪-૮-૧૫

# * सूक्तरत्नावली.

## ( શ્રી વિજયસેનસૂરિ વિરચિત. )

## સ્વતંત્ર-અનુવાદ.

### ગુરૂવાણીને પ્રણામ કરવારૂપ મંગળાચરણ.

विबुधानन्दजननीं, गुरोर्वाचमुपास्महे ।
या रसेव रसै रम्या, मङ्गलोत्सवकारिणी ॥ १ ॥

જે માંગલિક ઉત્સવ કરનારી ભૂમિની જેમ રસવડે રમણીય છે, એવી વિબુધ-( વિદ્વાનો અને દેવતાઓ ) ને આનંદ આપનારી ગુરૂની વાણીની અમે ઉપાસના કરીએ છીએ. ૧

वचोभिर्नीतिनिस्यन्दकन्दकादम्बिनीनिभैः ।
दद्मो व्याख्याजुषां शिक्षां, मुखाम्भोजरवित्विषम् ॥ २ ॥

નીતિના ઝરા અને અંકુરોને વિષે મેઘમાળા જેવા વચનોથી વક્તાઓના મુખકમળને વિકાશ કરવામાં સૂર્યની કાંતિ જેવી શિક્ષા ( આ ગ્રંથ દ્વારા ) આપીએ છીએ. ૨

[1]भावसारस्ययुक्तानि, सूक्तानि प्रतिकुर्महे ।
रविपादैरिवाम्भोजं, यैः सभोल्लासभाग् भवेत् ॥ ३ ॥

---

* સામાજિક ઉપયોગી અને સંસ્કૃતના અભ્યાસીઓને આ ગ્રંથ સરલ અને સુસાધ્ય હોવાથી મૂળ અમોએ છપાવેલ છે તે ઘણો રસીક અને બોધદાયક હોવાથી મૂળ શ્લોક સાથે ભાષાંતર અમારા આ માસીકમાં આ અંકથી અમોએ શરૂ કર્યું છે મૂળ ગ્રંથની કિંમત રૂ ०-४-०

१ सरसस्य भावः सारस्यं, भावश्च सारस्यं च ताभ्यां युक्तानि ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સૂર્યના કિરણોથી જેમ કમળનો ઉલ્લાસ થાય, તેમ જેમનાથી સભાને ઉલ્લાસ થાય એવા ભાવ અને રસિકતાથી ભરેલા સુભાષિતો આપીએ છીએ. ૩

विनेन्दुनेव रजनी, वाणी श्रवणहारिणी ।
दृष्टान्तेन विना स्वान्ते, विस्मयं वितनोति न ॥ ४ ॥

ચંદ્ર વગરની રાત્રિની જેમ શ્રવણ-કર્ણ ઇંદ્રિયને હરનારી વાણી દૃષ્ટાંત વિના હૃદયમાં આશ્ચર્ય ઉત્પન્ન કરતી નથી. ૪

दृश्यते सदसद्वस्तु, यैर्भास्करकरैरिव ।
दृष्टान्तास्तुष्टये सन्तु, काव्यालङ्कारकारिणः ॥ ५ ॥

સૂર્યના કિરણોની જેમ જેઓથી સત્ અને અસત્ વસ્તુ દેખાઇ આવે છે, એવા દૃષ્ટાંતો કાવ્ય-અલંકાર કરનારા કવિને સંતોષકારક થાઓ. ૫

अतश्चित्तचमत्कारमकराकरचन्द्रिकाम् ।
भावयुक्तेषु, सूक्तेषु, ब्रूमो दृष्टान्तपद्धतिम् ॥ ६ ॥

એ કારણથી ચિત્તના ચમત્કાર રૂપી સમુદ્રને ઉછાળવામાં ચંદ્રિકા જેવી દૃષ્ટાંતોની પદ્ધતિને અમે ભાવવાળા સુભાષિતોની અંદર યોજના કરી કહીએ છીએ. ૬

भवेत्तुङ्गात्मनां संपद्, विपद्यपि पटीयसी ।
पत्रपाते पलाशानां, किं न स्यात् कुसुमोद्गमः ? ॥ ७ ॥

મોટા માણસોને વિપત્તિમાં પણ મોટી સંપત્તિ રહેલી હોય છે. પલાશના વૃક્ષોને પાત્રા ખરી પડતાં જ પુષ્પોનો આવિર્ભાવ શું નથી થતો ? ૭

गुणदोषकृते स्थानास्थाने तेजस्विता स्थिता ।
दर्पणे मुखवीक्षार्थै, खड्गे प्राणप्रणाशकृत् ॥ ८ ॥

તેજસ્વીપણું સ્થાનમાં ગુણકારી થાય છે અને અસ્થાનમાં દોષકારી થાય છે. દર્પણનું તેજસ્વિપણું મુખ જોવા માટે થાય છે અને ખડ્ગનું તેજસ્વીપણું પ્રાણના ઘાતને માટે થાય છે. ૮

पदे पदेऽधिगम्यन्ते, पापभाजो न चेतरे ।
भूयांसो वायसाः सन्ति, स्तोका यच्चाषपक्षिणः ॥ ९ ॥

પાપીઓ ઠેકાણે ઠેકાણે મેળવાય છે અને નિષ્પાપીઓ ઠેકાણે ઠેકાણે મેળવાતા નથી. કાગડાઓ ઘણાં હોય છે અને ચાતક પક્ષીઓ થોડા હોય છે. ૯

अपि तेजस्विनं दौस्थ्ये, त्यजन्ति निजका अपि ।
न भानुर्भानुभिर्मुक्तः, किमस्तसमये सखे ! ॥ १० ॥

હે મિત્ર, તેજસ્વી પુરૂષ જ્યારે નઠારી સ્થિતિમાં આવે છે, ત્યારે તેને તેના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્વજનો પણ છોડી દે છે. અસ્ત સમયે સૂર્યને પોતાના કિરણો પણ શું નથી છોડી દેતા? ૧૦

ज्योतिष्मानपि सच्छिद्रैः, सङ्गतोऽनर्थहेतवे ।
मञ्चकान्तरिता दीपप्रभा पुण्यप्रणाशिनी ॥ ११ ॥

તેજસ્વી માણુસ પણ જો છિદ્રવાળાની સાથે મળે છે, તો તે અનર્થકારી થાય છે દીવાની કાંતિ માંચાના આંતરામાં આવવાથી પુણ્યનો નાશ કરનારી થાય છે. ૧૧

मलिनोऽपि श्रियं याति, महस्विमिलनादलम् ।
सम्पर्कान्नाञ्जनं भाति, किं दृशां हरिणीदृशाम् ? ॥ १२ ॥

મલિન માણુસ પણ તેજસ્વી માણુસની સાથે મળવાથી શોભાને પ્રાપ્ત કરે છે. મૃગના જેવા લોચનવાળી સુંદરીઓના નેત્રોની સાથે મળવાથી કાજળ પણ શું નથી શોભતું? ૧૨

पराभूतोऽपि पुण्यात्मा, न स्वभावं विमुञ्चति ।
तोयमुष्णीकृतं कामं, शीततां पुनरेति यत् ॥ १३ ॥

પવિત્ર માણુસ પરાભવ પામે તો પણ તે પોતાનો સ્વભાવ છોડતો નથી. જળને ઉનું કરવામાં આવે તો પણ તે ફરીવાર પાછું શીતળ થઇ જાય છે. ૧૧

महोत्सवे च जायन्ते, पापभाजामभूतयः ।
नापत्राः किं वसन्तेऽपि, करीरतरवोऽभवन् ? ॥ १४ ॥

પાપી માણુસોને સારા ઉત્સવને પ્રસંગે સંપત્તિઓ રહેતી નથી. કરીર-કેરડાના વૃક્ષો વસંતઋતુના સમયમાં પણ પત્ર વગરના શું નથી થતાં? ૧૪

नीचसङ्गेऽपि तेजस्वी, नैर्मल्यं भृशमश्नुते ।
किमभूद्भस्मलिप्तेऽपि, दर्पवृद्धिर्न दर्पणे ? ॥ १५ ॥

જે તેજસ્વી હોય તેને નીચનો સંગ થાય તો પણ તે વધારે નિર્મળતા (તેજ) ધારણ કરે છે. દર્પણને ભસ્મનો લેપ કરવામાં આવે છે, ત્યારે પણ તે શું વધારે તેજસ્વી નથી બનતું? ૧૫

## સુકત વચનો વાંચી કે સાંભળી આદરવા યોગ્ય વિવેક.

(લેખક—સદ્‌ગુણાનુરાગી કર્પૂરવિજયજી.)

૧. પુરૂષને કલીબતા-નપુંસકતા હોય તે સારી, પણ પરસ્ત્રી ગમન કરવું સારૂં નહિ. ભિક્ષા માંગીને ભોજન વૃત્તિ કરવી સારી, પણ પારકા ધનને અપહરી લઇ સુખ મેળવવાની બુદ્ધિ રાખવી સારી નથી. મૌન ધારણ કરી રહેવું સારૂં, પણ

१ मतान्तरेण मलेरपि कुटादिस्वाद् गुणाभावः ।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અસત્ય વચન વદવું ઠીક નથી. અને નિજ પ્રાણ ત્યાગ કરવો, પણ ચાડીખોરનાં વચનમાં વિશ્વાસ રાખી બેસવું ઠીક નથી. એ બધાંયવાનાં પરમ દુઃખદાયક છે.

૨. પશુશાળા શૂન્ય પડી રહે તે સારી, પણ તેમાં અપલક્ષણો બળદ બાંધી રાખવો સારો નહિ. ચતુર–વિનીત વેશ્યારૂપ ભાર્યા સારી, પણ અવિનીત ( વિનય શૂન્ય ) કુળવધુ સારી નહિ. જંગલમાં જઇ રહેવું સારૂં, પણ વિવેક રહિત રાજાના નગરમાં રહેવું સારૂં નહિ, તેમજ પ્રાણ ત્યાગ કરવો સારો, પણ અધમ જનોની સોબત કરવી સારી નહિ.

૩. કષ્ટની વખતે મિત્રની ખરી કસોટી થાય છે. રણસંગ્રામ વખતે શૂરવીરની ખરી કસોટી થાય છે. વિનય પ્રસંગે નોકરની પરીક્ષા થાય છે અને દુકાળ વખતે દાતારની ખરી પરીક્ષા થઇ શકે છે.

૪. સુપાત્રદાનથી જીવ ધનાઢ્ય–અનર્ગળ લક્ષ્મીવાળો થાય છે. ધનના પ્રભાવથી તે સારાં સુકૃત્ય કરે છે–પુન્ય ઉપાર્જન કરે છે. પુન્યના પ્રભાવથી તે દેવલોકનાં સુખ પામે છે–દેવગતિ પામે છે અને ત્યાંથી ચ્યવી ફરી ધનાઢ્ય અને ફરી ભોગ સામગ્રીવાન્ થાય છે.

૫. કુપાત્રદાનથી જીવ નિર્ધન–સુખ સંપત્તિહીન બને છે. નિર્ધનતા યોગે તે પાપ કૃત્ય–માઠાં કામ કરે છે. પાપના પ્રભાવથી તે નર્કગતિ પામે છે–અઘોર દુઃખ દાવાનળમાં જઇ પડાય છે. ત્યાંથી ચ્યવી ફરી નિર્ધન થાય છે અને ફરી પાપ કૃત્યોજ કરે છે.

૬. સ્મિત હાસ્ય વડે, હાવભાવ દેખાડવા વડે, લાજ કાઢવા વડે, બ્હીક બતાવવા વડે, વચન ચાતુરી વડે, ઈર્ષ્યાવડે, કલહ કરવા વડે, લીલા–ક્રીડા કરવા વડે અને અર્ધ કટાક્ષબાણ ફેંકવા વડે, એટલે કે આડી આંખે જોવા વડે, એમ બધી રીતે સ્ત્રી એ ખરેખર બંધનરૂપ છે, તેથી શાણાજનોએ ચેતતા રહેવું યુક્ત છે.

ઇતિશમ્

## જીવદયા.

### સ્વાર્થ સાથે પરમાર્થ સાધવાનો ઉત્તમ માર્ગ.

**મેહેરબાન સાહેબ,**

આપણા દેશમા આજ કાલ ઘી દુધની મોંઘવારી એટલી બધી વધી ગયેલી છે કે છતે પૈસે પણ તે અમૂલ્ય અને ઉપયોગી ચોખ્ખી વસ્તુ આપણને ભાગ્યેજ મળી શકે છે. જે ગરીબ લોકો છાશ રોટલાથી પોતાની સંપૂર્ણ તંદુરસ્તિ જાળવી રાખતા હતા, તેઓને હવે છાશ જેવી સાધારણ પણ ઉપયોગી વસ્તુ મેળવવી ભારે થઇ પડી છે, તો પછી દુધ અને ઘીની તો વાતજ કયાં કરવી ? આવી રીતે દીન પ્રતિ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દિન દુધ અને તેમાંથી બનતી વસ્તુઓની અછત થઇ પડવાના કારણ માટે જાનવરોની થતી સંખ્યાબંધ કતલને આપણે જવાબદાર ગણીશું તો તે કોઇ પણ રીતે તર્ક જ્ઞાનની વિરૂદ્ધ ગણી શકાશેજ નહીં.

આપણા દયાળુ, દીર્ઘ દૃષ્ટિવાળા, વિચારશીલ અને લોકપ્રિય ગવરનર સાહેબ નામદાર લોર્ડ વીલીંગડન તેમજ દેશના બીજા હિતૈષી પુરૂષો તેમજ જાણીતાં વર્તમાનપત્રો પણ આવાં ઉપયોગી જાનવરોને બચાવવાની તેમજ તેની ઓલાદ સુધારવાની પુરતી ભલામણ કરે છે, કે જેની અંદર તેઓનો અંગત સ્વાર્થ નહિ, પરંતુ સમગ્ર દેશનો સ્વાર્થ એકસરખી રીતે સમાયેલો છે.

ઘી, દુધ અને તેવી ઉપયોગી વસ્તુઓ ઉપરાંત ખેતીવાડીમાં આ જાનવરોની સેવા કેટલી બધી ઉપયોગી છે, તેનું દીગ્દર્શન પણ આપણને પુનાની ઍગ્રીકલચરલ કોન્ફરન્સ તથા તેવી બીજી પ્રવૃત્તિઓએ કરાવેલું છે, અને તે ઉપરથીજ અમો અમારી ગયા વર્ષની હારમાળામાં કેટલ ફાર્મની યોજના જનસમાજની સેવામાં રજુ કરી સાબીત કરી બતાવ્યું હતું કે જાનવરોને નિભાવી તેની યોગ્ય માવજત કરવામાં આવે તો હજારો બલકે લાખો જાનવરોને રક્ષણ આપવાનું ઉત્તમ પુણ્ય પ્રાપ્ત કરવા ઉપરાંત મુંબઇ જેવા ખરચાળ શહેર કે જ્યાં તબેલા તથા મજુરી વીગેરે અસાધારણ–મોંઘા થઇ પડેલાં છે તેવાં શહેરોમાં પણ ઓછામાં ઓછા સેંકડે ૨૫ ટકા નફો થાય છે, પરંતુ જો બીજાં શહેરો કે જયાં ઘાસ ચારો વીગેરે પુષ્કળ મળી શકતો હોય ત્યાં આવાં ખાતાંઓ સ્થાપવામાં આવે તો સેંકડે ૪૦ થી ૫૦ ટકાનો દેખીતો ફાયદો થવાનો સંભવ છે.

આવી રીતે અમારી યોજના બહાર પડયા બાદ કેટલાક ઉત્સાહી ગ્રહસ્થોએ તે કામ હાથ ધરવાનો વિચાર કરેલો, પરંતુ કમનસીબે કેટલીક બેંકોના ઘોંટાળાઓ બહાર પડવાથી તેમજ ત્યારબાદ નાણાં સંબંધી જુદી જુદી અણધારેલી આફતો સમગ્ર દેશ ઉપર આવી પડવાથી તે યોજના માથે ઉપાડી લેવામાં અણધારેલું વિઘ્ન આવી પડેલું છે અને તેથી આજ રોજ દેશના ઉદ્દાર, શ્રીમંત અને ધર્મપરાયણ પરોપકાર વૃત્તિવાળા બંધુઓની સેવામાં હું નીચે પ્રમાણે હકીકત જાહેર કરવા રજા લઉ છું તો આશા છે કે તેના ઉપર ધ્યાન આપવામાં આવશે.

આ હસ્ત પત્રના વાંચનાર ગ્રહસ્થો કદી નહિ જાણતા હોય તો મહારે જણાવવું જોઇએ કે ગવલી લોકો દેશાવરથી પોતે પુરા પૈસા ખરચીને ભેંસો વેચાતી લે છે અને તેના ઉપર તેનો નિર્વાહ ચલાવે છે, જ્યારે આવી ભેંસો વસુકી, જાય ત્યારે તે ભેંસો દુધ દેતી બંધ થવાથી તેઓ વીંયાય ત્યાંસુધી તેને નિભાવવાની મુશ્કેલીનો મિથ્યા વિચાર કરીને કેટલાક દયાહીન ગવલી લોકો બીચારી હાથી સમાન કદાવર ભેંસોને પાણીને મુલ્યે કસાઇઓને ત્યાં વેચી નાંખે છે અને અફસોસ ! કે ત્યાં તેના ઉપકારનો બદલો આવી ઘાતકી રીતે વાળવામાં આવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવી રીતે બીચારાં કમનસીબ પ્રાણીઓ માત્ર થોડો વખત દૂધ દેતાં બંધ થાય તે સારૂ તેને મારી નાંખવા માટે વેચવાં એ કોઇ પણ રીતે ઇચ્છવા યોગ્ય નથી, પરંતુ નીર્ધનતા અને ગરીબાઇને લીધે ગવલીઓ પોતાની ઇચ્છા વિરૂધ્ધનું આવું વર્ત્તન છે એ જાણુવા છતાં કંગાળ હાલતને આધીન થઇ આવાં ઘાતકી કૃત્ય કરવા તત્પર થાય છે, કે જેમાં તેને પોતાનેજ કેટલો ગેરલાભ છે તે તેઓ સમજી શકતા નથી. કારણ કે આવું પરોપકારી જાનવર નજીવી કીંમતે વેચી તેનું જે ઉત્પન્ન થાય, તેમાં વિશેષ રકમ ઉમેરી પાછું સારૂં જાનવર પોતાનો ધંધો ચાલુ રાખવા માટે આવા ગવલીઓ ખરીદે છે અને તે જાનવરની પણ વખત આવે તેવીજ દુર્દશા થાય છે, જેથી આપણુા ખેતીને ઉપયોગી તથા ઘી, દુધ વીગેરે જરૂરની વસ્તુઓ પુરી પાડનારાં ઉપયોગી જાનવરોની કતલમાં વૃદ્ધિ થતીજ જાય છે અને ગવલીઓ પણ દારિદ્રાવસ્થામાંથી મુક્ત થઇ શકતા નથી.

આ માટે દેશના શ્રીમંતો, માલધારીઓ, તેમજ ખેડુતોને હું સૂચના કરીશ તો તે કોઇ પણ રીતે અયોગ્ય ગણાશે નહિ કે તેઓએ આવા ગવલીઓ પાસેથી જુજ કિંમતે જાનવરો ખરીદ કરી તેને પાળવાં અને ત્યારબાદ તેના પરોપકારથી કેટલો બધો ફાયદો થશે તેનો વાંચનારેજ વિચાર કરી લેવાની મેહેરબાની કરવી.

એજ રીતે આપણા દેશમાંના એકેક ઘર તરફથી માત્ર એક એક જાનવર પાળવામાં આવે તો તેથી તેઓને તે જાનવર માથે પડશે નહિ, એટલુંજ નહિ પણ તેથી શ્રીમંતો ચોખ્ખો માલ વાપરી શકશે અને તેમાંથી થતાં છાશ વીગેરે પદાર્થો ગરીબ લોકોને છુટે હાથે આપવાથી ગરીબોને ખરેખરી સહાયતા આપી તેઓની આંતરડીની દુવા મેળવવા ભાગ્યશાળી થશે તેમાં કાંઇપણ શક નથી.

ટલ ફાર્મ્સ, ડેરી કંપનીઓ તથા એવાં બીજા ખાતાંઓ ઉઘાડનારાઓને પણ આવી રીતે જાનવરો વેચાતાં લેવાથી સસ્તી કીમતમાં તે આવી શકશે અને ચરીયાણુ જગ્યામાં તેને રાખવાથી વિશેષ ખર્ચ વિના તે જાનવરોનો એક સામટો નિર્વાહ નજીવા ખર્ચમાં થઇ શકશે અને યોગ્ય વખત પ્રાપ્ત થયે આવાં જાનવરો અનેકની રોજી ઉઘાડવામાં સાધનભૂત થશે એમાં કાંઇ પણ આશ્ચર્ય નથી, અને તેથીજ આવી પરોપકાર પરાયણુતા સાથે ઉદયોગી અને ઉપયોગી સ્વાર્થી બાબત ઉપર શ્રીમંતો અને ગરીબો એક સરખું ધ્યાન આપે, એવી તેઓની સેવામાં મારી સવિનય નમ્ર પ્રાર્થના છે.

શ્રી જીવદયા જ્ઞાનપ્રસારક ફંડ<br>ઓફીસ<br>૩૦૯, શરાફ બજાર મુંબઇ નં. ૨.<br>તા, ૧-૯-૧૫.

સેવક<br>**લલ્લુભાઇ ગુલાબચંદ ઝવેરી,**<br>ઑનરરી મેનેજર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## શ્રી આગમોદય સમિતિ. પાટણ.

પંન્યાસજી મહારાજશ્રી આનંદસાગરજી મહારાજના ઉપદેશથી જન્મ પામેલ ઉકત સંસ્થાનું પાટણ શહેરમાં આગમ વાંચનાનું કાર્ય શરૂ થઇ ગયેલ છે, જેમાં હાલમાં ૩૨ મુનિરાજો લાભ લે છે. જાણવા પ્રમાણે શ્રી સુયગડાંગજી તથા શ્રી બીજાશ્રુતસ્કંધનું અધ્યયન ચાલે છે. શ્રી દશવૈકાલિક પૂર્ણ થયું છે. આ પ્રમાણેના સમાચાર ઉકત સંસ્થાના કાર્યવાહક શેઠ ભોગીલાલ હાલાભાઇ તરફથી અમોને મળ્યા છે.

## ગ્રંથાવલોકન.

### પુસ્તક પહોંચ.

અમારી સભામાં स्वामी दयानंद और जैन धर्म આ નામનું મધ્યસ્થ વાદ ગ્રંથમાળાનું પ્રથમ પુષ્પ કર્ત્તા તરફથી ભેટ આવ્યું છે. ગ્રંથકર્તા પંડિત હંસરાજ શાસ્ત્રી પંજાબી છે કે જેમણે જૈનાસ્તિકત્વમીમાંસા તથા નરમેધયજ્ઞમીમાંસા નામનાં બે પુસ્તકો રચેલાં છે જેથી અમારા ગ્રાહકોને પરિચિત હશેજ. માટે સદરહુ પુસ્તક કેવું છે તે બાબતમાં ન ધારે લખવું સોનાને ઢોળ ચઢાવવા જેવું જાણી ફક્ત સમાલોચક તરીકે અમો એટલેજ અભિપ્રાય આપનો બસ સમજીએ છીએ કે સત્યાર્થ પ્રકાશ નામના આર્ય સમાજના પુસ્તકમાં સ્વામીદયાનંદસરસ્વતિજીએ બારમા સમુલ્લાસમાં જૈન ધર્મ સંબંધી જે કેટલાક અનુચિત હુમલા કર્યા છે, તેના ઉત્તરો મધ્યસ્થ દૃષ્ટિએ ઘણીજ પ્રિય વાણીથી આપેલા છે કે જે જૈનો તો શું પણ જૈનેતરોને પણ રૂચિકર થઈ પડે તેવા છે માટે અમો પોતાના જૈન બંધુઓને ભલામણ કરીએ છીએ કે સદરહુ ગ્રંથ આપ એક વખત અવશ્ય વાંચશો. પુસ્તક રોયલ બારપેજી ૧૩ ફારમનું છે. કિમત આઠ આના છે. મળવાનું ઠેકાણું—**અમૃતસર** ( પંજાબ ) બજાર જમાદાર—પંડિત હિરાલાલ શર્મા—મેનેજર શ્રી આત્માનંદ જૈન સેન્ટ્રલ લાઇબ્રેરી.

### સ્નાત્ર પૂજા.

( ન્યાયાંભોનિધિ શ્રીમદ્ વિજયાનંદ સૂરીશ્વરજી વિરચિત )

મહોપકારી જગદ્‌વિખ્યાત શ્રીમદ્ વિજયાનંદ સૂરિશ્વરજી રચિત સ્નાત્ર પૂજાની બુક અમોને અભિપ્રાયાર્થે ભેટ મળેલ છે. આ લઘુ બુક નિર્ણયસાગર પ્રેસમાં **સુંદર ટાઇપોથી** છપાવી તેમાં ઉકત મહાત્માની છબી મુકી અલંકૃત કરવામાં આવેલ છે. આ બુક છપાવવામાં છોટી સાદરી મેવાડના શેઠ મેઘરાજજી વીરચંદજી તરફથી શેઠ હેમરાજજીના દ્રવ્ય સહાયવડે શ્રીમદ્ હંસવિજયજી જૈન લાયબ્રેરી અમદાવાદ તરફથી પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. આ બુક ઘણીજ ઉપયોગી હોવાથી બહોળો પ્રસાર થવાના ઉદ્દેશથી માત્ર અડધી કિંમત ( ૦—૦—૬ પાઇ ) રાખવામાં આવેલ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


## दशाश्रीमाली वणिक ( त्रिमासिक )

દરેક દશાશ્રીમાળી વણિક બંધુને જાણવા જેવી બાબતોથી ભરપૂર ( રોયલ છ થી આઠ ફારમ ) ૪૦ થી ૬૪ પાનાનું સચિત્ર દશાશ્રીમાળી વણિક ત્રિમાસિકના પોતાની જ્ઞાતિનું શ્રેય ઇચ્છનાર દરેક દશાશ્રીમાળીને ગ્રાહક થવાની ખાસ આવશ્યકતા છે. વિજ્ઞાપન પત્ર માટે લખો—

મોહનલાલ નાગજી ચીનાઇ.
ડીસ્ટ્રીકટપ્લીડર
ધોરાજી


---

## નીચેનાં પુસ્તકો અમોને ભેટ માટે મળ્યાં છે જે આભાર સાથે સ્વીકારીએ છીએ.

| | |
|---|---|
| વ્યાખ્યાન સાહિત્યસંગ્રહ. | શ્રી જૈન પત્રના અધિપતિ ભાવનગર. |
| દયાનંદ ઔર જૈન ધર્મ. | પંડિત હંસરાજ શર્મા અમૃતસર. |
| ભયંકર ભૂત યાને જગતના જીવલેણ શત્રુઓ. | શા અચરતલાલ જગજીવનદાસ ભાવનગર. |
| શ્રી ભરત બાહુબલી ચરિત્ર. | (શા અચરતલાલ જગજીવનદાસ ભાવનગર.) |
| વચનામૃત વિલાસ. | શા. દામજી ત્રીકમજી મંજલરેલડીઆ. |
| સમુચિત્ત ઉત્તર દાનપત્ર. | શ્રી કોટરા ( જાલોર ) શ્રી સંઘ. |
| વિમલ-વિનોદ. | શેઠ જવાહીરલાલ જૈની સીકંદ્રાબાદકો |
| સ્નાત્ર-પૂજા. | શ્રીમદ્ હંસવિજયજી જૈન લાઇબ્રેરીના સેક્રેટરી અમદાવાદ. |
| અનિત્યાદિ ભાવના સ્વરૂપ. | મુનિ શ્રી પ્રતાપવિજયજી સુરત. |

---

## આ માસમાં આ સભામાં દાખલ થયેલા નવા માનવંતા સભાસદો.

૧ વાગડીયા હીરાલાલ વાલચંદ પે. વ. લાઇફ ભાવનગર.
૨ શાહ જીઠાભાઇ ત્રિભુવનદાસ ( વાર્ષિક મેમ્બરમાંથી ) બીજા વર્ગના લાઈફ મેમ્બર ભાવનગર.

---

# આ સભાનું જ્ઞાનોદ્ધાર ખાતું અને હાલમાં છપાતા ઉપયોગી ગ્રંથો.

## તેમાં થતો જતો સંખ્યાબંધ વધારો.

## માગધી—સંસ્કૃત મૂળ, અવચુરિ ટીકાના ગ્રંથો.

૧ " સત્તરીસય ઠાણુ સટીક " શા. ચુનીલાલ ખુબચંદ પાટણવાળા તરફથી.
૨ " સિદ્ધ પ્રાભ્રત સટીક " પ્રાંતિજવાળા શેઠ કરમચંદની બીજી સ્ત્રીના સ્મરણાર્થે હા. શેઠ મગનલાલ કરમચંદ તરફથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

| | |
|---|---|
| ૩ " પ્રતિક્રમણ ગર્ભ હેતુ " | શા. હીરાચંદ ગ઼ેલચંદની દીકરી બેન પરશી-બાઇ પાટણવાળા તરફથી. |
| ૪ " દાન પ્રદીપ ' | શા. મુળજી ધરમશી તથા દુર્લભજી ધરમશી પોરબંદરવાળા તરફથી. |
| ૫ " મહાવીર ચરિત્ર " શ્રી નેમીચંદ્રસૂરિ કૃત. | શા. જીવરાજ મોતીચંદ તથા પ્રેમજી ધરમશી પોરબંદરવાળા તરફથી શા. મુળજી ધરમશીના સ્મરણાર્થે. |
| ૬ " સંબોધ સિત્તરી સટીક " | શા. કલ્યાણજી ખુશાલ વેરાવળવાળા તરફથી. |
| ૭ " ષટસ્થાનક પ્ર–સટીક " | શા. પ્રેમજી નાગરદાસની માતુશ્રી બાઈ રળી-યાત બાઈ માંગરોળવાળા તરફથી. |
| ૮ " ચૈત્યવંદન મહાભાષ્ય " | શા. પુલચંદ વેલજી માંગરોળવાળા તરફથી. |
| ૯ " સુમુખાદિમિત્ર ચતુષ્ક કથા " | શા. ઉત્તમચંદ હીરજી પ્રભાસપાટણવાળા તર. |
| ૧૦ " ષડાવશ્યક વૃત્તિ નમિસા કૃત" | શા હરખચંદ મકનજી પ્રભાસપાટણવાળા તર. |
| ૧૧ " પેથડ ઝાંઝણ પ્રબંધ " | શા. મોહનદાસ વસનજી પોરબંદરવાળા તર. |
| ૧૨ " પુન્યધન ચરિત્ર. " | શા. મનસુખભાઇ લલ્લુભાઇ પેથાપુરવાળા તર. |
| ૧૩ " સંસ્તારક પ્રકીર્ણ સટીક " | શા. ધરમશી ગોવીંદજી માંગરોળવાળા તરફથી |
| ૧૪ " શ્રાવકધર્મ વિધિ પ્રકરણસટીક" | શા. જમનાદાસ મોરારજી માંગરોળવાળા તર. |
| ૧૫ "પ્રાચીન ચારકર્મ ગ્રંથ ટીકા સાથે" | શેઠ પ્રેમચંદ ઝવેરચંદ પાટણવાળા તરફથી |
| ૧૬ "ધર્મપરિક્ષાશ્રી જિનમંડન ગણીકૃત" | બે શ્રાવિકાઓ પાટણ તરફથી. |
| ૧૭ " સમાચારી સટીક શ્રીમદ યશો-વિજયજી ઉપાધ્યાયજી કૃત. | શા. લલુભાઇ ખુબચંદની વિધવા બેન મેનાબાઇ પાટણવાળા તરફથી. |
| ૧૮ " પંચ નિગ્રંથી સાવચૂરિ " | ૧૯ " પર્યંત આરાધના સાવચૂરિ " |
| ૨૦ " પ્રજ્ઞાપના તૃતીયપદ સંગ્રહણી સાવચૂરિ " | |
| ૨૧ " બંધોદય સત્તા પ્રકરણ સાવચૂરિ " | |
| ૨૨ " પંચ સંગ્રહ " | શેઠ રતનજી વીરજી ભાવનગરવાળા તર. |
| ૨૩ " શ્રાદ્ધ વિધિ " | શેઠ જીવણભાઇ જેચંદ ગોઘાવાળા. |
| ૨૪ " ષડદર્શન સમુચ્ચય " | " " " |
| ૨૫ " શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર " | શ્રીમદ્ ભાવવિજયજી ગણીકૃત ટીકા. બાબુ સાહેબ ચુનીલાલ પન્નાલાલજી મુંબઇવાળા ત. |
| ૨૬ " બૃહત સંઘયણી શ્રી જિનભદ્ર ગણી ક્ષમા શ્રમણ કૃત. " | એક સભા તરફથી. |
| ૨૭ " જીવાનુશાસન સટીક | શા. મગનચંદ ઉમેદચંદની વિધવા બાઇ ચંદન પાટણવાળા તરફથી. |
| ૨૮ " ક્ષેત્ર સમાસટીકા " | શેઠ અમૃતલાલ છગનલાલ ભાવનગરવાળા તરફથી. |
| ૨૯ " કુવલય માલા (સંસ્કૃત)" | |

## એકલા ભાષાંતરના છપાતા ગ્રંથો.

૩૦ "શ્રાદ્ધગુણ વિવરણ"(ભાષાંતર)વોરા હઠીસંગભાઇ ઝવેરચંદ ભાવનગરવાળા તરફથી

For Private And Personal Use Only